# સિદ્ધયોગીઓના અનુભવો

*૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, ભારતના ગણેશપુરીમાં સ્થિત સિદ્ધયોગ આશ્રમ, ગુરુદેવ સિદ્ધપીઠમાં બાબા મુક્તાનંદે મહાસમાધિ લીધી — તેઓ ભૌતિક શરીરનો ત્યાગ કરીને બ્રહ્માંડીય ચેતનામાં વિલીન થઈ ગયા.*

*ઑક્ટોબર ૧૯૮૨માં, બાબાજીની મહાસમાધિના તમારા અનુભવને જણાવવા માટે, કૃપયા નીચે આપવામાં આવેલી લિંક પર ક્લિક કરો.*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનનો એક સ્ટાફ સદસ્ય અને હું, ન્યૂયૉર્કના કૈટ્સ્કિલ પહાડોમાંથી પસાર થઈ રહ્યા હતા અને અમે શ્રી મુક્તાનંદ આશ્રમથી દૂર નહોતા. અમે એક નાની, ઉપરથી ખુલ્લી સ્પોર્ટ્સ કારમાં પહાડથી નીચે ઊતરી રહ્યા હતા. એ દિવસ ઘણો સોહામણો હતો. ચારેય બાજુ પાનખરનાં ચમકતાં લાલ, પીળા અને કેસરી પાંદડાંઓ પડેલાં હતાં.

જ્યારે અમે પાછા આશ્રમ પહોંચ્યા તો જોયું કે ક્રિસમસ પર લગાવવામાં આવતી લાઈટની રોશની ઝગમગી રહી હતી. અમને કહેવામાં આવ્યું કે બાબાજી એ મહાસમાધિ લઈ લીધી છે.

હજી પણ મારા મનમાં પ્રકાશ, તેજસ્વિતા અને બાબાજીના રંગોથી ભરેલી એ દિવસની સ્મૃતિ અંકિત છે. એ આખા દિવસ દરમ્યાન મને એવું મહસૂસ થતું રહ્યું કે હું બાબાજીના આલોકમાં ડૂબેલો છું અને તેનાથી ઘેરાયેલો છું.

મેરીલેન્ડ, અમેરિકા

સન ૧૯૮૨ની પાનખર ઋતુમાં, મારું ભણવાનું પૂરું કરીને હું એક નવા શહેરમાં રહેવા ગયો. એક વર્ષ પહેલાં, મને ધ્યાનમાં બાબાજી પાસેથી શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ હતી.

ઉત્સાહ અને જોશથી ભરેલા એ સહ-સિદ્ધયોગીઓથી દૂર થઈ જવાને કારણે હું ઉદાસ હતો, જેમણે સિદ્ધયોગ અભ્યાસોને જાણવા-સમજવામાં મને ઘણી મદદ કરી હતી. હું ઘણો આતુર હતો કે આ નવા શહેરમાં પણ મને એક સંઘમ્ મળી જાય.

૨ ઑક્ટોબરની સાંજે યુનિવર્સિટીના પ્રવેશ દ્વાર પર કોઈએ મારી પાસે આવીને પૂછ્યું : "શું તમને યોગમાં રુચિ છે?" મારા પગ ત્યાં જ થંભી ગયા. મને લાગ્યું જાણે બાબાજી મને કહી રહ્યા છે કે મારે નવા સંઘમ્‌ને શોધવાની જરૂર નથી, તેના બદલે હું પોતે જ એવા ભક્તોના સમૂહનું કેન્દ્રબિંદુ બની શકું છું. હું જ્યારે ઘરે ગયો તો મારું મન એક નવી પ્રેરણાથી, એક નવા ઉદ્દેશ્યથી ઓતપ્રોત હતું. બીજા દિવસે એક મિત્રે મને સમાચાર આપ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે.

બે વર્ષ પછી હું મારા શહેરમાં રહેતા એકમાત્ર અન્ય સિદ્ધયોગીને મળ્યો. આ શહેરમાં બસ અમે બે જ સિદ્ધયોગી હતા, અને પછી અમે મળીને એક સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રની સ્થાપના કરી જ્યાં હું અત્યારે પણ જાઉં છું. મને મહસૂસ થાય છે કે આ કેન્દ્ર બાબાજીના આશીર્વાદોનું જ સાકાર રૂપ છે.

*વીન, ઑસ્ટ્રિયા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની સાંજે, મેં મારી દસ વર્ષની દીકરીને જણાવ્યું કે બાબાજીએ હાલમાં જ પોતાના દેહનો ત્યાગ કર્યો છે. મારી દીકરી બાબાજીને ત્યારે મળી હતી જ્યારે તેની ઉંમર સાત વર્ષની હતી, તેણે ખૂબ શાંતિથી કહ્યું, "બાબાજીનું દેહાંત નથી થયું, તેઓ હવે દરેકના હૃદયમાં છે."

*પૅરિસ, ફ્રાંસ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું મેરીલેન્ડમાં રહેતી હતી. મને એક ફોન આવ્યો અને કહેવામાં આવ્યું કે બાબાજીએ દેહત્યાગ કરી લીધો છે અને ઘણાં લોકો ભારત જઈ રહ્યાં છે. મારા બાળકની ઉંમર એક વર્ષની હતી અને હું વિદેશયાત્રા કરી શકું એમ નહોતી. પરંતુ એ રાત્રે મારા માતાપિતા આવ્યાં હતાં, એટલે હું વૉશિંગ્ટન, ડી.સી.માં આવેલા સિદ્ધયોગ આશ્રમમાં જઈ શકી. આશ્રમમાં 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'ની અવિરત ધુન શરૂ થઈ ગઈ હતી અને એ નિરંતર ઘણાં અઠવાડિયાઓ સુધી ચાલવાની હતી.

કામથી પાછા ઘરે આવતી વખતે પણ હું રોજ આશ્રમ જતી હતી. હું ઘણા દિવસો સુધી રડતી રહી. એક દિવસ હું દીવાલ પર બાબાજીના ફોટાને જોઈ રહી હતી. બાબાજી એક બાંકડા પર બેઠા હતા અને હસી રહ્યા હતા. અચાનક મેં બાબાજીને સ્પષ્ટ અવાજમાં કહેતા સાંભળ્યા, "હું જીવિત છું, હું ક્યાંય ગયો નથી. મેં મારા ભક્તોના હૃદયમાં પ્રવેશ કરી લીધો છે — હું તારા હૃદયમાં છું." મારા હૃદયમાં એક ગહન સંવેદના ઊઠી અને મારા આખા શરીરમાં ફેલાઈ ગઈ. મારાં આંસુ, સ્મિતમાં બદલાઈ ગયાં અને હું જાણી ગઈ કે બાબાજીએ જે કહ્યું, તે સત્ય છે. આજે પણ, હું જાણું છું કે બાબાજી પૂર્ણરૂપે મારા હૃદયમાં બિરાજમાન છે અને એ બધાંનાં હૃદયમાં પણ, જે તેમને ઓળખે છે, તેમને પ્રેમ કરે છે.

*વેસ્ટ વર્જિનિઆ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં મહિલાઓની ડૉર્મિટરીમાં સૂતી હતી. રાત્રિના સમયે વાતાવરણમાં ગુંજતા 'ૐ નમો ભગવતે નિત્યાનંદાય' ધુનના રહસ્યમય સ્વરને સાંભળીને હું જાગી ગઈ. અચાનક દરવાજા પર ટકોરા થયા અને અમને કહેવામાં આવ્યું કે અમે તૈયાર થઈને, નિત્યાનંદ મંદિરમાં પહોંચીએ અને સંકીર્તન કરીએ કારણકે બાબાજી અસ્વસ્થ હતા. સૂર્યોદય પછી, સમાચાર આપવામાં આવ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે.

પછી, બધાંને બાબાજીના રૂમમાં તેમના અંતિમ દર્શન કરવા માટે બોલાવવામાં આવ્યા. બાબાજી ભગવા રંગના રેશમી વસ્ત્ર ઓઢીને, પદ્માસનમાં બેઠા હતા. વાતાવરણમાં વ્યાપ્ત શક્તિના પ્રબળ તરંગો એટલી સ્પષ્ટતાથી મહસૂસ થઈ રહ્યા હતા કે મારા માટે ત્યાં ઊભા રહેવું મુશ્કેલ હતું.

મારા આશ્રમ નિવાસ દરમ્યાન, મને બાબાજી માટે સીવવાની સેવા આપવામાં આવી હતી. હું ધૈર્ય રાખવાનું શીખી, સાથેસાથે એ પણ શીખી કે રેશમી કપડાંને એકસરખા અને નાના-નાના ટાંકા મારીને કેવી રીતે સીવી શકાય. આ સેવાનું મહત્ત્વ મને ત્યારે સમજાયું જ્યારે મેં બાબાજીના દેહ પર ઓઢાડેલા ભગવા રેશમી વસ્ત્રને જોયું.

*ઓશન શોર્સ, ઑસ્ટ્રેલિયા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે બપોરે હું મારા પતિને લેવા એરપોર્ટ તરફ જઈ રહી હતી જે વીસ માઇલ દૂર હતું. તે દિવસે બહુ સરસ તડકો હતો. ગાડી ચલાવતી વખતે મને દરેક જગ્યાએ બાબાજીની ઉપસ્થિતિનો અનુભવ થઈ રહ્યો હતો. તેઓ મારી ચારેબાજુ હતા, જ્યાં પણ મારી નજર જતી, ત્યાં તેઓ પૂર્ણરૂપે વિદ્યમાન હતા. હું બાબાજી પ્રત્યે પ્રેમથી ભરાઈ ગઈ અને મને અગાધ આનંદનો અનુભવ થયો.

ઘરે આવ્યા પછી મને ફોન પર સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મારી ખુશી અને પ્રેમ વધવા લાગ્યાં અને ત્યારથી આજ સુધી મને સતત બાબાજીની ઉપસ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે.

*મેરીલેન્ડ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની સાંજે ઘણી ઠંડી હતી. હું મારા એક મિત્રને મળવા તેના ઘરે ગયો હતો. હું રસોડાના દરવાજાથી અંદર ગયો જ્યાં તરત જ બે મહિલાઓએ મારું અભિવાદન કર્યું. તેમની આંખો પૂરેપૂરી ખુલ્લી હતી અને તેઓ ચિંતાભરી નજરે મારી તરફ બહુ ધ્યાનથી જોઈ રહી હતી. તેમાંથી એકે કહ્યું, “શું તમે સાંભળ્યું નથી કે આજે બાબા મુક્તાનંદનો દેહાંત થઈ ગયો.” તેમને ખબર હતી કે હું બાબાજીનો ભક્ત છું.

આ સમાચારથી મને આશ્ચર્ય તો થયું પરંતુ તેનાથી હું સહેજ પણ ઉદાસ ન થયો; તેના બદલે મને તરત જ અનુભૂતિ થઈ કે હું મારા શ્રીગુરુ સાથે ગહનતાથી જોડાયેલો છું. મારા મિત્રોને આશ્ચર્ય થયું કે આ સમાચાર સાંભળીને હું રડ્યો નહીં; તેમને દુઃખ થઈ રહ્યું હતું કે તેમણે મને આવા સમાચાર આપવા પડ્યા, કારણકે તેમને ડર હતો કે આ સમાચાર સાંભળીને હું દુઃખી થઈ જઈશ. પરંતુ દુઃખી થવાને બદલે, મને એવો અનુભવ થઈ રહ્યો હતો કે મારું હૃદય વિસ્તૃત થઈ રહ્યું છે અને હવે તો હું બાબાજીના નિરંતર સંપર્કમાં રહી શકીશ. અને ત્યારથી આવું જ થયું છે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું ન્યૂયૉર્ક શહેરમાં મારા ઘર તરફ જઈ રહી હતી. ઘરમાં પ્રવેશ કરતા પહેલાં જ મારી દૃષ્ટિ પૂર્ણિમાના વિશાળ ચંદ્રમા તરફ ગઈ અને એ જ ક્ષણે મારા મનમાં એ વિચારીને કૃતજ્ઞતાનો ભાવ ઊઠ્યો કે મને આ ભૌતિક શરીરની ભેટ મળી છે. ઘરની અંદર ગયા પછી હું મારી પથારી પર આડી પડી અને અચાનક મારું શરીર સખત અને સ્થિર થઈ ગયું. મારી પથારીની ઉપરની છત નીલા આકાશમાં બદલાઈ ગઈ, પછી એ નીલા આકાશની પાછળથી એક એવું સ્થાન ખૂલ્યું જ્યાં એક સુંદર ચહેરો દેખાયો. તેણે મને કહ્યું, “હું તને પ્રેમ કરું છું.”

પછી મને ગડગડાહટનો અવાજ સંભળાયો અને મેં મારી કરોડરજ્જુમાં ઝડપથી ઉપર-નીચે થતાં તીવ્ર સ્પંદનો મહસૂસ કર્યાં. મારા સહસ્રારમાં મેં મહસૂસ કર્યું કે હું ઈશ્વરીય ચેતના છું. મારી કરોડરજ્જુમાં ઉપર-નીચે જતાં એ સ્પંદનોની સાથેસાથે, મને મારા પૂર્વજન્મનો અનુભવ થયો, મનુષ્યયોનિના રૂપમાં પણ અને અન્ય અનેક જીવયોનિઓના રૂપમાં પણ. આ બધાંની વચ્ચે, આખો સમય મને મારા શ્રીગુરુ બાબા મુક્તાનંદનું આનંદમય હાસ્ય સંભળાઈ રહ્યું હતું. મેં મહસૂસ કર્યું કે તેઓ કહી રહ્યા છે, “તારા આ બધા જન્મોમાં હું તારી સાથે રહ્યો છું અને હંમેશાં તારી સાથે રહીશ.”

જ્યારે હું આ અનુભૂતિથી બહાર આવી અને ફરીથી હલન-ચલન કરી શકી, ત્યારે હું મારા શયનકક્ષમાંથી બહાર આવી — અને ત્યારે જ મેં મારી સાથે રહેતી મહિલા પાસેથી આ સમાચાર સાંભળ્યા : બાબા મુક્તાનંદે મહાસમાધિ લઈ લીધી છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે મને સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું સ્તબ્ધ રહી ગઈ અને મને વિશ્વાસ જ નહોતો થતો કે મારા શ્રીગુરુ મને આ રીતે છોડીને જતા રહ્યા!

એ સમયની બીજી એક વાત જે મને યાદ છે, તે છે નામસંકીર્તન. દિવસ દરમ્યાન મારા ખાલી સમયમાં હું નામસંકીર્તન કરતી રહેતી. રોજ સાંજે હું અને બીજા બધાં સિદ્ધયોગીઓ કોઈ એક વ્યક્તિના ઘરે મળતાં અને સંગીત-વાદ્યો સાથે ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’ની ધુનના બે કે ત્રણ આવર્તન ગાતાં. અઠવાડિયાના અંતે અમે પૅરિસમાં સ્થિત સિદ્ધયોગ આશ્રમમાં જતાં અને મહિના સુધી ચાલનારા સપ્તાહમાં ભાગ લેતાં.

જ્યારે પણ હું સંકીર્તન કરતી ત્યારે દર વખતે એક જેવો જ ચમત્કાર થતો : મારું દુઃખ અને કંઈક અત્યંત મહત્ત્વપૂર્ણ ગુમાવી દેવાનો ભાવ લુપ્ત થઈ જતો અને તેની જગ્યાએ એક ગહન અને ઉત્સાહપૂર્ણ પ્રશાંતિ છવાઈ

જતી. મહિનાના અંતે, હું મધુર તૃપ્તિ અને પ્રેમની એ જ વ્યાપક સ્થિતિમાં ડૂબેલી હતી જેનો અનુભવ હું બાબાજીના સાન્નિધ્યમાં કરતી હતી. અને હું નિશ્ચિતપણે એ જાણી ગઈ કે તેઓ હંમેશાં મારી સાથે એ અભ્યાસોમાં રહેશે જે તેમણે અમને પ્રદાન કર્યા છે.

*બોહવે, ફ્રાંસ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું ફ્રાંસના પૅરિસમાં સિદ્ધયોગ આશ્રમનો નિવાસી અને સ્ટાફ સદસ્ય હતો. તે દિવસે રાત્રિના ભોજન પછી, અમને સંકીર્તન હૉલમાં નિયમિત સાયંકાલીન સંકીર્તન માટે બોલાવવામાં આવ્યાં.

સંકીર્તન દરમ્યાન, મને અચાનક મહસૂસ થવા લાગ્યું કે મારું શરીર ખૂબ ભારે થતું જાય છે. એક સમય એવો આવ્યો કે મારું શરીર એટલું ભારે થઈ ગયું કે હું બેસી પણ નહોતો શકતો. કારણકે સંકીર્તન દરમ્યાન હું હૉલમાં સૂઈ ન શકું, એટલે હું મારા રૂમમાં જતો રહ્યો જેથી હું પથારી પર સૂઈ શકું. મારું શરીર એટલું ભારે હતું કે મને બહુ વિચિત્ર લાગી રહ્યું હતું. મને ખબર નહોતી કે મને શું થઈ રહ્યું છે; મને તો લાગ્યું કે હું ત્યાં પથારીમાં જ મરી જવાનો છું.

પછી બીજા આશ્રમવાસીઓ પાસેથી મેં સાંભળ્યું કે બાબાજીએ ગુરુદેવ સિદ્ધપીઠમાં મહાસમાધિ લઈ લીધી છે. ત્યારે મને એકદમ સમજાયું કે આ તો બાબાજી પ્રત્યે મારી ભક્તિ અને તેમની સાથે મારું દૃઢ જોડાણ હતું જેના લીધે મેં મહસૂસ કર્યું કે મારું શરીર પણ એ જ સમયે છૂટી રહ્યું છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, બાબાજીના મહાસમાધિના સમયે હું ધ્યાન કરી રહી હતી. મને એક દૃષ્ટાંત થયું જેમાં બાબાજી મને લાકડાંની એક નાની નાવમાં મારી પાસે દેખાયા. જ્યારે તેઓ એ કિનારા પર પહોંચ્યા જ્યાં હું ઊભી હતી, તેમણે જલદીથી કહ્યું કે હું એ નાવમાં બેસી જાઉં. થોડી જ વાર પછી, બાબાજીએ મને ફરીથી કહ્યું કે હું અત્યારે જ એ નાવમાં બેસી જાઉં. પછી અમે ઊંડા પાણી તરફ જવા લાગ્યા. બાબાજી સામે બેઠા હતા. જ્યારે તેઓ નાવ ચલાવી રહ્યા હતા, ત્યારે બધું જ શાંત અને સ્થિર હતું. થોડીવાર પછી મેં જોયું કે

બાબાજી ત્યાં નથી અને મને ચિંતા થવા લાગી. પછી એક સંદેશ, અંતર જ્ઞાન જેવું ઉદ્‌ભવવા લાગ્યું — કે હું વાસ્તવમાં ગુરુ જ છું અને સિદ્ધયોગ અભ્યાસો અને યોગ્ય પ્રયત્નો દ્વારા આ જ્ઞાન પૂરીરીતે ઉન્મીલિત થઈ શકે છે.

*ઑરેગન, અમેરિકા*

ઑક્ટોબર, ૧૯૮૨માં મેં એક સ્પષ્ટ અને અનોખું સ્વપ્ન જોયું જેમાં બાબાજી એક વેદીની સામે ઊભા હતા. આ વેદી પથ્થરના બનેલા જૂના ચર્ચ જેવા દેખાતા મકાનની અંદર હતી. બાબાજીએ મને સીધું પૂછ્યું, “તો તારું આ અઠવાડિયું કેવું રહ્યું? હું જાણવા માગું છું. તારું અઠવાડિયું કેવું રહ્યું?”

મને આશ્ચર્ય થયું અને મેં કોઈ જવાબ આપ્યો નહીં અને પછી મારી આંખ ખુલી ગઈ. એ જ દિવસે અમારા સંઘમ્‌ના એક સિદ્ધયોગીએ મને ફોન કરીને જણાવ્યું કે બાબાજીએ એક અઠવાડિયા પહેલા મહાસમાધિ લઈ લીધી છે.

*વૉશિંગ્ટન, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, શ્રી મુક્તાનંદ આશ્રમમાં એક સોહામણો દિવસ હતો. હું આશ્રમ પ્રબંધકના રૂપમાં સેવા અર્પિત કરી રહ્યો હતો. બપોરના ભોજન પછી હું મારા રૂમમાં ગયો. મને અત્યંત ઉદાસી અને જડતાનો અનુભવ થઈ રહ્યો હતો. મારી પત્ની પણ ત્યાં હતી અને તે પણ કોણ જાણે કેમ ઉદાસ હતી. આ બિલકુલ અસ્વાભાવિક હતું, એટલે અમે કંઈક એવું કર્યું જે અમે બપોરે ક્યારેય નહોતાં કરતાં — અમે અમારા પૂજા રૂમમાં જઈને આરતી કરી. બપોરે ૨ વાગે હું મારી ઑફિસમાં આવ્યો. અંદર જઈને જોયું કે ટેલેક્સ મશીનમાંથી અવાજ આવી રહ્યો છે. મેં જે જોયું તેના પર હું વિશ્વાસ જ નહોતો કરી શક્તો : “બાબા મુક્તાનંદે મહાસમાધિ લઈ લીધી છે.”

ત્યારબાદ બે કલાક સુધી હું ટેલેક્સ મશીન પર ગુરુદેવ સિદ્ધપીઠથી વધુ માહિતી લેતો રહ્યો. આખરે ૪ વાગે સૂચનાઓ મળવાની બંધ થઈ. અમે બાબાજીની મહાસમાધિની ઘોષણા કરી અને ‘ૐ નમો ભગવતે નિત્યાનંદાય’ ધુન આરંભ કરી દીધી. થોડીવારમાં જ શબ્દો આપોઆપ ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’માં બદલાઈ ગયા અને એ ધુન કેટલાંય અઠવાડિયાઓ સુધી ચાલતી રહી.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે હું કેલિફૉર્નિયા, ઓકલેન્ડમાં મારા ઘરમાં ધ્યાન કરી રહ્યો હતો. મને એક દૃષ્ટાંત થયું, મેં જોયું કે હું એક સૂમસામ અંધારી જગ્યા પર એકલો છું અને ભયભીત છું. અચાનક મેં મારા માથા પર પ્રકાશના ઝગમગતા કણ જોયા અને મારી આસપાસ બાબાજીની ઉપસ્થિતિ મહસૂસ કરી.

જ્યારે મેં ઝગમગતા, તેજોમય ચમકતા પ્રકાશ તરફ જોયું તો હું જોરજોરથી બોલવા લાગ્યો, “આ તો બાબાજી છે! આ બાબાજી છે!” અને આની સાથે જ હું ધ્યાનમાંથી બહાર આવી ગયો. આમ પહેલીવાર મેં ધ્યાનમાં બાબાજીની ઉપસ્થિતિને મહસૂસ કરી હતી!

તે જ દિવસે બપોરે, ઓકલેન્ડના સિદ્ધયોગ આશ્રમને સમાચાર મળ્યા કે બાબાજીએ ગુરુદેવ સિદ્ધપીઠમાં મહાસમાધિ લઈ લીધી છે. તે દિવસે સવારે, ધ્યાનમાં થયેલા મારા અનુભવથી મને સાંત્વના મળી અને મને મહસૂસ થયું કે બાબાજી હંમેશાં મારી સાથે રહેશે અને મને બધાં અનિષ્ટોથી બચાવશે.

પછી મને ખબર પડી કે તે દિવસે બાબાજીએ પોતાના ઘણા ભક્તોને ધ્યાનમાં દર્શન આપ્યા હતા.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે હું મારા પરિવાર સાથે ગુરુદેવ સિદ્ધપીઠમાં હતી. ગુરુચોકમાંથી પસાર થતાં મેં જોયું કે બાબાજી અંધારામાં બેઠા છે અને ગુરુમાઈજી તેમની પાસે છે. મને મહસૂસ થયું કે બાબાજી અમને જોઈ રહ્યા છે. હું પાસે જઈને તેમને પ્રણામ કરવા માંગતી હતી, પછી વિચાર આવ્યો કે એમ કરવું ઠીક નથી એટલે મેં તેમને મનમાંને મનમાં પ્રણામ કર્યા.

પ્રાતઃકાળ પહેલાં જ મારી આંખ, ‘ૐ નમો ભગવતે નિત્યાનંદાય’ ધુનના ધ્વનિ સાથે ખુલી ગઈ જે આખા આશ્રમમાં ગુંજી રહ્યો હતો. હું એ જોવા બહાર ગુરુચોકમાં ગઈ કે શું થઈ રહ્યું છે, અને મને કહેવામાં આવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. તેમની શક્તિ દરેક સ્થાન પર મહસૂસ થઈ રહી હતી, દરેક સ્થાન તેનાથી ઝળહળી રહ્યું હતું.

પછીથી તે દિવસે, આશ્રમમાં દરેક વ્યક્તિને બાબાજીના રૂમમાં જઈને તેમનાં દર્શન કરવા માટે બોલાવવામાં આવી. તેમને પદ્માસનમાં બેસાડવામાં આવ્યા હતા અને રેશમી વસ્ત્રો ઓઢાડવામાં આવ્યા હતા. મેં મહસૂસ કર્યું કે તેમની શક્તિ અમારા બધાંમાં વ્યાપ્ત થઈ રહી છે, અને જેવી રીતે બાબાજી પરમ ચિતિમાં લીન થઈ ગયા, તેવી રીતે તેમની શક્તિ અમારામાં સમાઈ ગઈ.

અમારામાંથી દરેક વ્યક્તિને બાબાજીના રૂમમાંથી એક-એક વસ્તુ આપવામાં આવી. મારી પાસે હજી પણ મને મળેલો મણકાઓ જડેલો વાડકો છે જે મારા પૂજા સ્થાનમાં મૂકેલો છે. આજે જ્યારે હું એ સમયને યાદ કરું છું, તો મને મહસૂસ થાય છે કે બાબાજીનાં આશીર્વાદ હંમેશાં મારી સાથે છે.

*સેંટ હેલેન્સ, ઑસ્ટ્રેલિયા*

જ્યારે મેં અનેક સિદ્ધયોગીઓના અનુભવ વાંચ્યા જેમાં તેમણે વર્ણન કર્યું છે કે મહાસમાધિ લેતી વખતે બાબાજી કેવી કેવી વિશિષ્ટ રીતો દ્વારા તેમની પાસે આવ્યા હતા તો મને મારો અનુભવ પણ યાદ આવી ગયો જે મારા માટે અનપેક્ષિત હતો.

હું એ સમયે પૅરિસમાં રહેતી હતી અને સિદ્ધયોગ પથ પર નવી હતી. હું નહોતી જાણતી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. તોપણ ૨ ઑક્ટોબર, ૧૯૮૨ના એ દિવસે અચાનક મને મહસૂસ થયું કે બાબાજી મારા હૃદયમાં પ્રવેશ કરી રહ્યા છે અને તેમને મારા શ્રીગુરુના રૂપમાં ઓળખવાની મહાન ભેટ મને આપી રહ્યા છે. આજે પણ હું ઘણીવાર મારો જમણો હાથ મારા હૃદય પર મૂકું છું, કારણકે હું જાણું છું કે બાબાજી કાયમ માટે અહીં, મારા હૃદયમાં જીવંત છે.

કેવો કૃપાપૂરિત લેપ છે આ! હું બાબાજી પ્રત્યે ખૂબ-ખૂબ કૃતજ્ઞ છું.

*સટન, કેનેડા*

મને યાદ છે કે હું મારા ઘરમાં બરાબર કઈ જગ્યાએ ઊભી હતી જ્યારે ૨ ઑક્ટોબર, ૧૯૮૨ના દિવસે મને ફોન પર એ સમાચાર મળ્યા કે બાબા મુક્તાનંદે મહાસમાધિ લઈ લીધી છે. હું સ્તબ્ધ રહી ગઈ. અને પછી મારી અંદર કૃતજ્ઞતાનું પૂર આવી ગયું.

ઑક્ટોબર ૧૯૭૬માં, બાબાજીની દ્વિતીય વિશ્વયાત્રાથી ભારત આવ્યાના થોડા સમય પછી હું સિદ્ધયોગ પથનું અનુસરણ કરવા લાગી હતી. જ્યારથી મેં મારા ઘરની પાસે આવેલા સિદ્ધયોગ આશ્રમમાં જવાનું શરૂ કર્યું ત્યારથી બાબાજીનાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા મારા મનમાં વધતી ગઈ. એક વર્ષ પછી હું મારા પતિ સાથે ગુરુદેવ સિદ્ધપીઠ ગઈ. જતાં પહેલાં મેં એ શપથ લીધી હતી કે બાબાજીનાં સાન્નિધ્યને ક્યારે પણ સાધારણ નહીં માનું અને તેને અણમોલ સમજીને હંમેશાં તેનું સન્માન કરીશ.

મેં મારી પ્રતિજ્ઞાનું પાલન કર્યું. મેં બાબાજીનાં સાન્નિધ્યમાં હોવાની દરેક ક્ષણનું રસાસ્વાદન કર્યું, તેનો આનંદ ઉઠાવ્યો. દર્શન દરમ્યાન બાબાજીનાં ચરણોમાં બેસવાનો અને દૂરથી પણ એમના ભગવા વસ્ત્રોની ઝલક મળવાનો જે પણ અવસર મને મળતો, હું સ્વયંને તેમાં નિમગ્ન થઈ જવા દેતી.

તેથી જ્યારે મેં બાબાજીના દેહત્યાગના સમાચાર સાંભળ્યા, ત્યારથી હું એ જાણતી હતી કે મેં એ બધું જ કર્યું છે જે તેમનાં આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે કરી શકતી હતી. બાબાજી પ્રત્યે હું અત્યંત કૃતજ્ઞતાનો અનુભવ કરી રહી હતી. અને એ ક્ષણે, મને અનુભવ થયો કે બાબાજીએ સદાયને માટે મારા હૃદયમાં પ્રવેશ કરી લીધો છે.

*મિશિગન, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, અમને ફોન પર સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મારા પતિએ કોઈ કારણસર પોતાનું પાકીટ ખોલ્યું અને પહેલી વસ્તુ જે તેમને દેખાઈ, તે હતો બાબાજીનો ફોટો, જેના પર લખ્યું હતું, “યાદ રાખો, હું હંમેશાં તમારી સાથે છું.” મારા પતિએ પોતાના જીવનની અંતિમ ઘડી સુધી એ વાત પર વિશ્વાસ રાખ્યો.

*ઇલિનૉઇસ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાત્રિ મને હંમેશાં એક અત્યંત વિશેષ, પવિત્ર અને મંગલમય રાત્રિના રૂપે યાદ આવે છે. અમારા ઘરમાં ઉપરના માળ તરફ જવાના માર્ગમાં બાબાજીનો એક ફોટો લગાવ્યો હતો. રોજ સાંજે સૂવા માટે ઉપર મારા રૂમ તરફ જતી વખતે હું બાબાજીને જોતી અને મનમાં ને મનમાં તેમને “શુભ રાત્રિ” કહેતી. ૧૯૮૨ની એ સાંજે મેં જોયું કે બાબાજી મારી તરફ જોઈને સાચે જ હસી રહ્યા છે, મેં તેમના હોઠ પર સ્મિત જોયું.

મને ઊંઘ આવતી હતી એટલે મેં મારી આંખોને ચોળીને ફરીથી જોયું — બાબાજીએ ફરીથી સ્મિત કર્યું. “અરે વાહ!” મેં વિચાર્યું અને આશ્ચર્યના ભાવ સાથે, હૃદયમાં આનંદ અને મધુરતાનો અનુભવ કરતા કરતા સૂવા માટે જતી રહી.

બીજા દિવસે વહેલી સવારે ફોનની ઘંટડી વાગી અને સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. એ સમયે હું એક તરુણી હતી. ઓગણચાલીસ વર્ષ પછી, શ્રીગુરુમાઈ મારા ગુરુ છે અને બાબાજીની સૂક્ષ્મ ઉપસ્થિતિ મારા જીવનમાં સદૈવ વિદ્યમાન છે.

*ફર્નબર્ગ, યુનાઇટેડ કિંગડમ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં સેવા અર્પિત કરી રહી હતી. એના પહેલાં, હું મારો જન્મદિવસ મનાવવા ગુરુચોકમાં બાબાજીનાં દર્શન કરવા ગઈ હતી. મને બાબાજીની પાસે બેસવા માટે આમંત્રિત કરવામાં આવી અને મેં સાંભળ્યું કે બાબાજી મને કહી રહ્યા છે કે હું તેમનાં ચરણોને જોઉં. જ્યારે મેં તેમના ચમકતાં રંગીન મોજાં તરફ ધ્યાનથી જોયું તો મને એવો અનુભવ થયો કે હું તેમના આનંદમાં વિલીન થઈ રહી છું. એ જ સમયે બાબાજી એકદમ ઝડપથી ઊઠીને હૉલની બહાર જતા રહ્યા.

એ રાતે જ્યારે હું સૂવા ગઈ તો સ્વપ્નમાં મેં જોયું કે બાબાજી મોરપંખથી મને થપથપાવી રહ્યા છે, મારી અંદર શક્તિનો સંચાર કરી રહ્યા છે અને મને શ્રીગુરુગીતાનો ૩૨મો શ્લોક સંભળાવી રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે, “ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ ભગવાન શિવ છે, ગુરુ સાચે જ પરબ્રહ્મ છે. એવા શ્રીગુરુને પ્રણામ.” આ અદ્‌ભુત સ્વપ્ન જોતાં-જોતાં હું એક ઝટકાની સાથે જાગી ગઈ કારણકે કોઈએ આવીને કહ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મને આ વાત પર ત્યારે જ વિશ્વાસ થયો, જ્યારે મેં ગુરુચોકમાં જઈને ઘણા બધા ભક્તોને એકબીજાને વળગીને રડતા જોયા.

*મેસેચ્યૂએટ્સ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, મેં સંકીર્તન, ધ્યાન અને બાબાજીનું સ્મરણ કરવા માટે ભેગા થયેલા સિદ્ધયોગીઓ સાથે એક અનૌપચારિક કાર્યક્રમમાં ભાગ લીધો. પછી જ્યારે અમે બેસીને વાત કરી રહ્યા હતા તો

ચર્ચા મુખ્યરૂપે એ વિશે થઈ રહી હતી કે અમને બાબાજીની યાદ આવે છે, અમે બધાં બાબાજીની કમી મહસૂસ કરી રહ્યાં છે અને હવે અમે તેમના સાન્નિધ્યમાં ફરી ક્યારેય નહીં રહી શકીએ.

તેની થોડી મિનિટ પછી મને મહસૂસ થયું કે બાબાજી હજી પણ મારા હૃદયમાં બિલકુલ એ રીતે વિદ્યમાન છે જે રીતે મને શક્તિપાત દીક્ષા મળી એ દિવસે હતા. હું ફરીથી આનંદિત થઈ ગઈ કે તેમને શોધવા માટે મારે ફરી ક્યારેય ક્યાંય પણ જવું નહીં પડે — તેમના સાન્નિધ્યમાં રહેવા માટે મારે બસ મારી અંદર જોવું પડશે!

*ઉટાહ, અમેરિકા*

ઑક્ટોબર ૧૯૮૨ના સોહામણા દિવસે, મેં કેમ્બ્રિજમાં સિદ્ધયોગ ધ્યાનકેન્દ્ર પર શ્રીગુરુગીતાના સાપ્તાહિક પાઠમાં ભાગ લીધો. ત્યારબાદ, અમે બેસીને ઘણીવાર સુધી બાબાજી અને અમારી સાધના વિશે ચર્ચા કરતાં રહ્યાં. દરેક વ્યક્તિએ કહ્યું કે આજનો સત્સંગ કેટલો આનંદ ભરેલો અને શક્તિપૂરિત હતો.

તે જ દિવસે પાછળથી મને એક મિત્ર પાસેથી જાણવા મળ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. આઘાતની આ જ સ્થિતિમાં, મેં ગુરુદેવ સિદ્ધપીઠ જવાનો નિશ્ચય કર્યો. હું થોડાં અઠવાડિયા પછી ત્યાં પહોંચી. દર્શનના સમયે શ્રીગુરુમાઈની પાસે બેઠા-બેઠા મેં મહસૂસ કર્યું કે બાબાજીએ પોતાની અસીમ અનુકંપાથી આપણને ગુરુમાઈજીના સંરક્ષણમાં સોંપી દીધા છે. મારું દુઃખ ઓછું થયું, મારા મનને રાહત મળી. ત્યારથી, મેં મહસૂસ કર્યું છે કે હું દરેક પ્રકારે સુરક્ષિત છું અને હું જાણું છું કે બાબાજીએ મારો સાથ ક્યારેય નથી છોડ્યો.

*સેંડગેટ, ઑસ્ટ્રેલિયા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની સવારે, હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પિત કરી રહી હતી. પાનખર ઋતુનો તે એક સુંદર દિવસ હતો. બપોરના ભોજન પછી હું મારા રૂમમાં આરામ કરવા માટે ગઈ. લગભગ ૧ વાગ્યા પછી, મારા હૃદયમાં બહુ જોરથી દુખવા લાગ્યું. મેં તો એ પણ વિચારી લીધું, “હૃદયરોગના હુમલામાં આવું જ થતું હશે.”

આરામ કર્યા પછી, હું સેવા કરવા માટે પાછી આશ્રમમાં આવી અને જોયું કે લૉબીમાં કોઈ રડી રહ્યું છે. તેણે મને ધ્યાનકક્ષમાં જઈને સંકીર્તન કરવા માટે કહ્યું — કારણકે બાબાજીએ દેહત્યાગ કરી લીધો હતો! પછી જ્યારે મેં

ન્યૂયૉર્ક અને ભારત વચ્ચેના સમયના અંતરની ગણતરી કરી તો જોયું કે મારા હૃદયમાં દુખાવો થવાનો સમય અને બાબાજીનો મહાસમાધિ લેવાનો સમય લગભગ એક જ હતો.

હું "જાણી ગઈ", બાબાજીએ મને જણાવી દીધું — સીધા મારા હૃદયમાં — અને તેઓ ત્યાંથી ક્યારેય ગયા જ નથી.

*મેન, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની એ રાતે જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી ત્યારે હું ગુરુદેવ સિદ્ધપીઠમાં હતો. પછી જ્યારે શ્રીગુરુમાઈ બધાંને સંબોધિત કરી રહ્યાં હતાં ત્યારે તેમણે મારી તરફ ખૂબ જ પ્રેમથી જોયું અને મને મહસૂસ થયું કે વીજળીની જેમ શક્તિએ મારી છાતીમાં પ્રવેશ કરી લીધો. હું ઝટકા સાથે થોડો પાછળની તરફ નમી ગયો અને મારું હૃદય દ્રવિત થઈ ગયું. આ શક્તિથી ઓતપ્રોત જ્યારે હું ત્યાં ઊભો હતો ત્યારે મારી અંદરથી આ શબ્દો નીકળ્યા : "બધું ઠીક છે. હું ઠીક છું. બાબાજી જતા રહ્યા છે પણ બધું ઠીક છે. અમે બધાં ઠીક છીએ." મેં સ્વયંને પૂરીરીતે સંરક્ષિત મહસૂસ કરી; મેં મહસૂસ કર્યું કે અમે બધાં તેમના સંરક્ષણમાં છીએ.

બે દિવસ પછી જ્યારે હું ગુરુચોકમાં ગયો તો મારી નજર બાબાજીના આસન તરફ ગઈ. હું સ્તબ્ધ થઈને રસ્તાની વચ્ચે જ ઊભો રહી ગયો અને આશ્ચર્યથી મારું મોઢું ખુલ્લું જ રહી ગયું. બાબાજી ગુરુચોકમાં થઈને પોતાના ઓરડા તરફ જઈ રહ્યા હતા. તેમની પીઠ મારી તરફ હતી, પરંતુ તેમને ઓળખવામાં મારાથી કોઈ ભૂલ નહોતી થઈ. પોતાના આસન પાસે પહોંચીને જ્યારે તેઓ વળ્યા તો મેં જોયું કે તેઓ તો ગુરુમાઈજી હતાં. મેં મનમાં ને મનમાં તેમને કહ્યું, "તમે ક્યાંય નથી ગયા, હે ને?"

બાબાજી હજી પણ મારી સાથે છે, આપણા બધાંની સાથે છે અને અત્યારે પણ સમય સમય પર મને તેમનાં દર્શન થતાં રહે છે.

*બસલ્ટન, ઑસ્ટ્રેલિયા*

૩ ઑક્ટોબર, ૧૯૮૨એ અમે અમારા સ્થાનીય સિદ્ધયોગ કેન્દ્ર પર નિયમિત સત્સંગમાં ભાગ લઈ રહ્યાં હતાં. ત્યાંસુધી અમે બાબાજીની મહાસમાધિ વિશે નહોતું સાંભળ્યું, પરંતુ મેં જોયું કે મને એવા આનંદની અનુભૂતિ નથી

થઈ રહી જેવી મને સામાન્યરીતે સત્સંગમાં થાય છે. સત્સંગ પછી, એક સાથીએ કહ્યું કે આકાશવાણી (રેડિયો) પર સાંજે લગભગ ૫.૩૦ વાગે બાબાજીની મહાસમાધિના સમાચાર પ્રસારિત થયા હતા. અમે તરત જ ગણેશપુરી જવા નીકળી પડ્યા અને સવારે લગભગ ૭ વાગે આશ્રમ પહોંચ્યા.

ગુરુદેવ સિદ્ધપીઠમાં પ્રવેશ કરતા જ મને એવું લાગ્યું કે જાણે આખો આશ્રમ ધ્યાનની અવસ્થામાં છે. આખું વાતાવરણ દિવ્ય સ્પંદનોથી ભરેલું હતું અને હું ત્યાંના કણકણમાં શક્તિનો અનુભવ કરી રહ્યો હતો. ગણેશપુરીમાં બડે બાબાના સમાધિ મંદિર સુધી બાબાજીની અંતિમ યાત્રા અને સમાધિની બધી સંસ્કાર-વિધિઓ અવિસ્મરણીય છે. આજે પણ મને બાબાજીના સમાધિ મંદિરમાં તેમની શક્તિનો અનુભવ થાય છે. એક માનવ માટે જે સર્વોચ્ચ પ્રાપ્તિ છે, એ માર્ગ પર મારું માર્ગદર્શન કરવા માટે હું બાબાજી પ્રત્યે ખૂબ કૃતજ્ઞ છું.

*ગણેશપુરી, ભારત*

મને સાધના કરતા બે વર્ષ થયા હતા અને શ્રીગુરુગીતાના સાપ્તાહિક પાઠની સૂત્રધારની સેવા માટે જ્યારે હું મારા ઘરે તૈયારી કરી રહી હતી ત્યારે એક સાધકે આવીને જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે.

એ સમયે, હું એટલું તો જાણતી હતી કે સિદ્ધયોગ મારો પથ છે, પણ મારા જીવનમાં ગુરુ હોવાનો શું અર્થ છે એ વિશે મારું જ્ઞાન અને સમજ સીમિત હતા. તેમછતાં, એ ક્ષણે કંઈક મહત્ત્વપૂર્ણ ગુમાવી દેવાના ભાવની જે અનુભૂતિ મને થઈ, તે ખૂબ જ આઘાતજનક હતી.

શ્રીગુરુગીતાનો પાઠ કરતી વખતે, હું મારી અંદર ખાલીપણું મહસૂસ કરવા લાગી. આ ખાલીપણું બહુ ગહન હતું! એવું લાગી રહ્યું હતું જાણે મેં મારી માતા, મારા પિતા, મારા ભાઈ, મારા પતિ, મારા પરમ મિત્ર અને ઘણું બધું ગુમાવી દીધું હોય. પછી એ ખાલીપણું, અત્યધિક વિસ્તૃત, સર્વવ્યાપી પ્રેમથી ભરાવા લાગ્યું — એવો પ્રેમ જેનો ન કોઈ આદિ છે કે ન અંત. હું નિઃસંદેહ જાણી ગઈ કે હું બાબાજીને ક્યારેય ગુમાવી ન શકું. તેઓ જતા રહ્યા છે, તોપણ હું એ પ્રેમના સાગરમાં તેમના સાન્નિધ્યને સદૈવ પામી શકું છું જેને હું મારી અંદર જ અનુભવ કરી રહી હતી.

*વેસ્ટ મોલેસી, યુનાઇટેડ કિંગડમ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગુરુસેવા અર્પિત કરી રહ્યો હતો. તે દિવસે સાંજે જ્યારે હું બહાર એકલો બેઠો હતો, મેં જોયું કે ચંદ્રમા અસાધારણ રૂપે કેટલો મોટો અને તેજોમય દેખાઈ રહ્યો છે. જ્યારે હું ત્યાં બેસીને ચંદ્રમાને નિહાળી રહ્યો હતો તો મને મહસૂસ થવા લાગ્યું કે મારી અંદર અસાધારણ, અનોખી અને પ્રેમમય શક્તિની લહેર પર લહેર ઊઠી રહી છે. તે કિનારા સાથે અથડાતી સમુદ્રની સૌમ્ય લહેરો જેવી હતી અને દરેક લહેરમાં મધુરાતિમધુર, સર્વાધિક પ્રેમભરી શક્તિ વહી રહી હતી. તેની અનુભૂતિ વિશુદ્ધ પ્રેમ જેવી હતી અને હું નિશંકપણે જાણતો હતો કે એ બાબાજી જ છે. આ અનુભવે મને બાબાજી પ્રત્યે ગહન ભક્તિ અને પ્રેમની અવસ્થામાં ડૂબાડી દીધો જે અધિકાધિક શક્તિપૂરિત અને દઢ થતી ગઈ.

થોડા સમય પછી હું આશ્રમ પાછો આવ્યો — જ્યાં મને દરેક વ્યક્તિ અલગ દેખાઈ રહી હતી. જે પહેલી વ્યક્તિને મેં આના વિશે પૂછ્યું, તેણે કહ્યું, “શું તમે સાંભળ્યું નથી? બાબાજીએ હમણાં જ મહાસમાધિ લઈ લીધી છે!” આશ્ચર્યની વાત તો એ હતી કે આ સમાચાર સાંભળીને મને સહેજ પણ આઘાત લાગ્યો નહીં. હું હજી પણ પ્રેમભરી શક્તિની એ લહેરોમાં હતો. બાબાજીના પ્રેમની આ અનુભૂતિ ઘણા સમય સુધી મારી સાથે રહી — મને આશ્વાસન આપતી રહી કે તેઓ હજી પણ મારી સાથે છે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, હું સત્સંગ માટે, પૅરિસના (સેંટ ક્વીન સાં તુઆંમાં) સિદ્ધયોગ આશ્રમમાં હતી. જેવી હું ઘરે પહોંચી કે આશ્રમના પ્રબંધકનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે બાબાજીએ દેહ ત્યાગી દીધો છે અને આશ્રમમાં સંકીર્તન શરૂ થઈ ગયું છે. મારું મન શૂન્ય થઈ ગયું અને હું તરત જ પાછી આશ્રમ ગઈ.

મને યાદ છે, એ નામસંકીર્તન એક મહિના સુધી ચાલતું રહ્યું, કારણકે પૅરિસના જુદાંજુદાં ધ્યાન કેન્દ્રોમાં લગભગ દરરોજ નામસંકીર્તન થઈ રહ્યું હતું. મને દુઃખનો અનુભવ નહોતો થતો, કારણકે મને સંકીર્તનમાં બાબાજીની ઉપસ્થિતિનો અનુભવ થઈ રહ્યો હતો. એ સમયમાંથી ઊગરવામાં સંકીર્તને મારી મદદ કરી.

ત્યારથી મારું જીવન અને સાધના ચાલી રહી છે, પરંતુ બાબાજી મારા હૃદયમાં હંમેશાં વિદ્યમાન રહ્યા છે. હું બાબાજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છું કે તેમણે મને શક્તિપાત પ્રદાન કર્યો. હું ગુરુમાઈજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છું કે ત્યારથી આજ સુધી તેઓ મને માર્ગદર્શન અને સંરક્ષણ પ્રદાન કરી રહ્યાં છે.

*નૉયસિલ, ફ્રાંસ*

હું બાબાજીને સન ૧૯૭૮માં ઓકલેન્ડમાં મળી હતી અને તેના થોડા સમય પછી મને તેમની ત્રીજી વિશ્વયાત્રામાં તેમની સાથે જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ ઘણાં વર્ષો સુધી મેં બાબાજીને આત્મા વિશે ખૂબ સુંદર રીતે બોલતા સાંભળ્યા હતા, પરંતુ મને એવું લાગ્યું કે ન તો મને આત્માનો અનુભવ થયો અને ન તો ક્યારેય ઊંડાણથી સમજાયું કે બાબાજી શેના વિશે વાત કરી રહ્યા છે.

પછી, ૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી ત્યારે હું ગુરુદેવ સિદ્ધપીઠમાં હતી. હું ત્યાં સેવા અર્પિત કરી રહી હતી. બીજા દિવસે સવારે શ્રીગુરુમાઈએ આશ્રમમાં ઉપસ્થિત અમારા બધાં સાથે વાત કરી. મેં ગુરુમાઈજીને કહેતાં સાંભળ્યાં કે બાબાજીએ તેમને કહ્યું છે કે તેઓ અમને બધાંને જણાવે કે બાબાજી અમને છોડીને નથી ગયા, પણ તેમણે તો અમારા બધાંના હૃદયમાં હંમેશને માટે પ્રવેશ કર્યો છે. મેં તરત જ અનુભવ કર્યો કે મારું હૃદય અત્યંત સુંદર, ઝગમગતી શક્તિ અને મધુર પ્રેમથી ભરાઈ ગયું છે. એ જ ક્ષણે મને ખબર પડી ગઈ કે આ શક્તિ બાબાજી છે અને મારો અંતરાત્મા પણ.

આ અનુભવ હંમેશાં મારી સાથે રહ્યો છે. ધન્યવાદ, મારા પ્રિય બાબાજી.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

બાબાજીની મહાસમાધિના થોડા અઠવાડિયા પછી, મારો દીકરો જે એક ઑટિસ્ટિક બાળક છે (એક પ્રકારની માનસિક સ્થિતિ જેમાં વ્યક્તિ પોતાનામાં જ ખોવાયેલી રહે છે, તેનો માનસિક અને શારીરિક વિકાસ પૂરીરીતે નથી થતો) તે મને મારો હાથ પકડીને તેના રૂમમાં લગાવેલા ગુરુમાઈજીના ફોટા પાસે લઈ ગયો. તેણે ગુરુમાઈજી તરફ ઇશારો કરીને કહ્યું, "બાબા!" મેં તેને સમજાવ્યું, "ના, આ બાબાજી નથી, આ ગુરુમાઈજી છે." આવું બે વર્ષ સુધી ચાલતું રહ્યું અને હું તેને ધૈર્યપૂર્વક સમજાવતો રહ્યો કે કયો ફોટો બાબાજીનો છે અને કયો ગુરુમાઈજીનો.

પછી એક દિવસ, હંમેશની જેમ તેણે ગુરુમાઈજી તરફ ઇશારો કરીને કહ્યું, "બાબા!" અચાનક જાણે કોઈ પડદો ઊઠી ગયો હોય અને હું સમજી ગયો. મારી આંખોમાં આંસુ આવી ગયાં અને મેં કહ્યું, "હા, આ બાબાજી છે!" તેને સંતોષ થઈ ગયો કે આખરે મને સમજાઈ ગયું અને તેણે ત્યારપછી ક્યારેય મને આના વિશે કહ્યું નહીં.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

જ્યારે મને ફોન પર બાબાજીની મહાસમાધિના સમાચાર મળ્યા, તો અચાનક જાણે મારી દુનિયા જ બદલાઈ ગઈ. મને લાગતું હતું કે બાબાજી હંમેશાં મારી સાથે જ છે. જેમકે 'ગુરુદેવ હમારા પ્યારા' ભજનમાં કહેવામાં આવ્યું છે, શ્રીગુરુ જ મારા જીવનનો આધાર હતા. હું વિચારી રહ્યો હતો, "હવે હું શું કરીશ?" મને એકલતા લાગતી હતી.

પછી મને મારી અંદરથી એક અવાજ સંભળાયો, "હવે તું સમજદાર થઈ ગયો છે, તને ખબર પડી જશે કે તારે શું કરવાનું છે." મેં મારી અંદર આ આશ્વાસનની શક્તિને મહસૂસ કરી અને હું જાણી ગયો કે બાબાજીએ મને એ આપી દીધું છે જેની મને જરૂર હતી.

*કેલિફોર્નિયા, અમેરિકા*

ઑક્ટોબર ૧૯૮૨માં હું ટેક્સાસમાં રહેતી હતી. બાબાજીએ મહાસમાધિ લીધી તેની આગલી રાતે મને તેમની ખૂબ જ યાદ આવી રહી હતી અને મને તેમના સાન્નિધ્યમાં રહેવાની તીવ્ર ઇચ્છા થઈ રહી હતી. તેમણે મને જે ટોપી આપી હતી તેને મેં આખી રાત મારા હૃદય સાથે લગાવીને  રાખી. બીજા દિવસે આ સમાચાર સાંભળીને હું બહુ ઉદાસ થઈ ગઈ. હું સંકીર્તન કરવા માટે ધ્યાનના હૉલમાં ગઈ અને બે દિવસ સુધી ત્યાં જ રહી. બે દિવસ પછી કોઈએ મને એક ટૉફી આપી. એ એકદમ એવી જ હતી જેવી બાબાજીએ મને ત્યારે આપી હતી જ્યારે મેં છેલ્લીવાર તેમનાં દર્શન કર્યાં હતાં. મને એવું લાગ્યું જાણે બાબાજી જ મને ટૉફી આપી રહ્યા છે અને કહી રહ્યા છે કે હવે ફરીથી સામાન્ય જીવન શરૂ કરવાનો સમય આવી ગયો છે.

*ફ્લૉરિડા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં સેવા અર્પિત કરી રહ્યો હતો. મેં પહેલાં ક્યારેય સ્વયંને એ પૂછ્યું નહોતું, "મૃત્યુ શું છે?" તોપણ જ્યારે હું તેમના અંતિમ દર્શન કરવા તેમના રૂમમાં ગયો તો આ પ્રશ્ન મારા મનમાં વારંવાર ઊઠી રહ્યો હતો. જ્યારે મેં તેમનાં દર્શન કર્યાં, તો મારા મનમાં આ બોધ ઉદ્‌ભવ્યો, "તેમનું મૃત્યુ નથી થયું — તેઓ જીવિત છે!"

જ્યારે હું બાબાજીના રૂમમાંથી બહાર આવ્યો તો મને એ વાતનું આશ્ચર્ય થયું કે બાબાજી મારા હૃદયમાં મારી સાથે બહુ પ્રેમથી વાત કરી રહ્યા છે. અને જ્યારે હું ગુરુદેવ સિદ્ધપીઠના બગીચામાં ફરી રહ્યો હતો ત્યારે તો એ બિલકુલ

સ્પષ્ટ થઈ ગયું કે બાબાજી દરેક જગ્યા પર છે અને આ જ રીતે તેઓ તેમના સમાધિ મંદિરમાં અને મારા હૃદયમાં સદૈવ નિવાસ કરશે.

*રોડ્ઝ, ફ્રાંસ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું સવારે જલદી ઊઠી ગઈ અને તરત જ શ્રીગુરુગીતાના પાઠ માટે ઓકલેન્ડમાં આવેલા સિદ્ધયોગ આશ્રમ જવા વિશે વિચારવા લાગી. એ સમયે મારા બાળકો એક સંબંધીને ત્યાં ગયાં હતાં. આશ્રમ જવા માટે હું એક ચુંબકીય ખેંચાણ મહસૂસ કરી રહી હતી, તોપણ મેં નક્કી કર્યું કે હું ઘરેથી આટલી જલદી નહીં જાઉં. તેના બદલે એ વિચારીને કે મારાં બાળકો બીજા દિવસે ઘરે આવવાનાં છે, હું ઘરના બીજાં કામ કરવા લાગી.

દિવસ દરમ્યાન, એક મિત્રે ફોન પર જણાવ્યું કે સ્વામી મુક્તાનંદે મહાસમાધિ લઈ લીધી છે. મને લાગ્યું કે હું કેટલી ભાગ્યશાળી છું કે હું તરત જ આશ્રમ જઈ શકીશ અને બાબાજીના સન્માનમાં ઘણા દિવસો સુધી ચાલનારા સંકીર્તનમાં ભાગ લઈ શકીશ.

એ દિવસથી આજ સુધી, બાબાજી હંમેશાં મારી સાથે છે, મારાં સપનાઓમાં, મારી પૂજામાં, તેમના પુસ્તકને વાંચતી વખતે કે સિદ્ધયોગ કોર્સમાં ભાગ લેતી વખતે તેઓ મારી સાથે જ હોય છે. એક માતાના અને દાદીમાના રૂપે મારી ભૂમિકા નિભાવવામાં તેઓ મારું માર્ગદર્શન કરે છે. બાબાજીના માર્ગદર્શનને કારણે જ હું શાંતિપૂર્વક અને દૃઢતાથી આ સંસારનાં કાર્યો કરી શકું છું અને મારા કર્તવ્યોનું પાલન કરી શકું છું.

*કેલિફોર્નિયા, અમેરિકા*

જ્યારે પણ હું પૂર્ણિમાની રાતે આકાશ તરફ જોઉં છું તો મને વર્ષ ૧૯૮૨ની એ રાતની યાદ આવી જાય છે, જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી હતી. તે રાતે, ગુરુદેવ સિદ્ધપીઠમાં સૂવા માટે મારા રૂમમાં જતાં પહેલાં, હું પૂર્ણિમાના ચંદ્રમાને નિહાળી રહી હતી. અડધી રાતે કોઈએ રૂમનો દરવાજો ખટખટાવ્યો અને કહ્યું, “બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે! દર્શન કરવા માટે તેમના રૂમમાં આવો.”

મને વિશ્વાસ છે કે બાબાજી તેમની મહાસમાધિ લેવાનો સમય અને દિવસ જાણતા હતા, કારણકે એક રાત પહેલાં જ તેમણે અમને એટલે કે ઑફિસના કેટલાંક સેવાકર્તાઓને એકસાથે બોલાવીને કહ્યું હતું કે અમારે બધાંએ હળીમળીને કાર્ય કરવું જોઈએ. એ સમયે જે સંસ્કાર-વિધિઓ થઈ હતી, તે બધી મને હજી પણ યાદ છે. ભલેને ગુરુદેવ સિદ્ધપીઠ છોડ્યાને મને ત્રીસ વર્ષ થઈ ગયા હોય પણ મારું હૃદય, મારા શ્રીગુરુની સાથે જ છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, હું મારા પરિવારની સાથે ઓકલેન્ડમાં રહેતી હતી, ત્યારે મારા પર એક મિત્રનો ફોન આવ્યો. તેણે કહ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું સ્તબ્ધ થઈ ગઈ અને રડવા લાગી. મને બાબાજી પાસેથી ઘણું બધું મળ્યું છે, અને હું જાણતી હતી કે હું ખુદને સંભાળી લઈશ. પણ મારો નાનો દીકરો ગંભીર રૂપે અપંગ હતો, તે બાબાજીને બહુ પ્રેમ કરતો હતો અને તેમની સાથે અત્યંત નિકટતાનો અનુભવ કરતો હતો. મેં મારા પતિને પૂછ્યું, "આનું શું થશે?"

પછી મને પાછલી રાતે જોયેલા સ્વપ્નની વાત યાદ આવી ગઈ, જેમાં મેં સ્વયંને ગુરુદેવ સિદ્ધપીઠમાં જોઈ હતી. એક દૃશ્યમાં હું બારીની બહાર, ગુરુચોક તરફ જોઈ રહી હતી જ્યાંથી ગુરુમાઈજી પસાર થઈ રહ્યાં હતાં. તેમણે મારી તરફ વળીને મને મારા દીકરા વિશે પૂછ્યું, "તે કેમ છે?" મને આશ્ચર્ય થયું કે તેઓ બિલકુલ એ જ રીતે પૂછી રહ્યાં હતાં જે રીતે બાબાજી પૂછતા હતા.

મેં કંઈક આવો જવાબ આપ્યો, "ઠીક-ઠીક છે." ગુરુમાઈજીએ મારી તરફ જોયું અને કહ્યું, "ચિંતા ના કર. તે હવે મારા સંરક્ષણમાં છે." તેમનું આમ કહેવું મને વિચિત્ર લાગ્યું કારણકે તેનું ધ્યાન તો હંમેશાં બાબાજી જ રાખતા હતા. બીજા દિવસે બપોરે જ્યારે મને એ સ્વપ્નની યાદ આવી તો મને સમજાઈ ગયું. એનાથી મને ખૂબ જ સાંત્વના મળી.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે સવારે-સવારે મને મૅનહટનના સિદ્ધયોગ આશ્રમમાં રહેતા સ્વામીજીએ ફોન પર જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. શરૂ શરૂમાં મને કોઈ પોતાનાને ગુમાવી દેવાનો અનુભવ

થયો પરંતુ સમય વીતતા મારું મન સતત બાબાજી પર કેન્દ્રિત રહેવા લાગ્યું અને એનાથી મને શાંતિ અને પ્રેમની આંતરિક અનુભૂતિ થવા લાગી.

મારું ઘર આશ્રમથી ૪૫ મિનિટ દૂર હતું છતાં જ્યારે મેં સાંભળ્યું કે આશ્રમમાં એક મહિનાનું અનવરત સંકીર્તન થશે ત્યારે મેં નિશ્ચય કર્યો કે હું રોજ સાંજે ત્યાં જઈને ધુનમાં ભાગ લઈશ. ‘ॐ નમો ભગવતે મુક્તાનંદાય’નું સંકીર્તન ગાતા ગાતા હું જાણી ગયો કે આ એક અલૌકિક નામધુન છે!

એ અનુભવ હંમેશાં મારા મન અને હૃદયમાં રહેશે. ત્યારથી, દર વર્ષે ઑક્ટોબર મહિનામાં મને બાબાજીના પ્રકાશ પર એવા જ કેન્દ્રણનો અનુભવ થાય છે અને એ મને શાંતિ અને પ્રેમના મહાન ભાવથી ભરી દે છે.

*ફ્લૉરિડા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે હું યુનિવર્સિટીના કેટલાંક વિદ્યાર્થીઓ સાથે રાતભર ચાલનારી એક આધ્યાત્મિક યાત્રા પર જઈ રહી હતી. અમારું અંતિમ ગંતવ્ય એક સ્થાનીય મઠ હતો જ્યાં જવાનો માર્ગ જંગલ અને ખેતરોમાંથી પસાર થતો હતો. અમે મોડી સાંજે અમારી પદયાત્રા શરૂ કરી અને બીજા દિવસે સવારે ૬ વાગ્યે મઠ પહોંચ્યા. પ્રાતઃકાળે, જ્યારે અમે પ્રાર્થના કરતાં કરતાં મૌનરૂપે જઈ રહ્યાં હતાં ત્યારે આકાશમાં ઘણા બધા ખરતા તારાઓને જોઈને અમને ઘણી ખુશી થઈ.

તે દિવસે ઘરે પાછા ફર્યા પછી મને બાબાજીના મહાપ્રયાણના સમાચાર મળ્યા. મારા ઘરના બધા સદસ્યો રડી રહ્યા હતા, ભલે તેઓ સિદ્ધવિદ્યાર્થી હતા કે નહોતા. મારા પ્રગાઢ દુઃખની વચ્ચે મેં ગહન કૃતજ્ઞતાનો અનુભવ પણ કર્યો કે બાબાજીના મહાવિલયના પાવન સમય દરમ્યાન હું જાગ્રત અવસ્થામાં હતી, પ્રકૃતિની વચ્ચે હતી અને પ્રાર્થનામાં લીન હતી.

આ રાતની અનુભૂતિ મેં બાબાજીના પુણ્ય પ્રસાદના રૂપમાં કરી અને મને એ વિશ્વાસ છે કે જે ખરતા તારાઓ અમે જોયા હતા, તે બાબાજીના ઓજસ્વી, પાવન જીવનના ઉત્સવ મનાવવા અને તેમનું સન્માન કરવા માટે હતા!

*ન્યૂયૉર્ક, અમેરિકા*

બાબાજીએ મહાસમાધિ લીધી તેના થોડા દિવસો પછી હું તેમના સમાધિ મંદિરમાં ગઈ. જ્યાં બાબાજીને સમાધિ આપવામાં આવી હતી ત્યાં માટીના એ ચબૂતરાની જેટલી નજીક બેસી શકાય તેટલી નજીક હું બેસી ગઈ. હું ખૂબ જ ઉદાસ હતી પરંતુ સાથેસાથે મને ત્યાં હોવાની ખુશી પણ હતી.

એક ક્ષણ પછી, બરાબર મારી સામે મને એક સોનેરી પગ દેખાયો. ધીરેથી મેં ઉપર જોયું. બાબાજી બરાબર મારી સામે એક ખુરશી પર બેઠા હતા. તેઓ એક ઘૂંટણ બીજા ઘૂંટણ પર રાખીને બેઠા હતા, તેઓ એ જ મુદ્રામાં બેઠા હતા જેમાં તેઓ ઘણીવાર બેસતા હતા.

હું સ્તબ્ધ રહી ગઈ. મારી એ જ ચિરપરિચિત રીતથી વાત કરતા કરતા મેં કહ્યું, "પણ બાબાજી તમે તો દેહત્યાગ કરી દીધો છે!" બાબાજીએ મારી તરફ જોયું અને પોતાનો હાથ ઉઠાવીને મારી તરફ સંકેત કરીને મારું નામ લીધું. તેઓ એટલા જોરથી હસી રહ્યા હતા કે તેમનો આખો હાથ હલી રહ્યો હતો. તેમના સંપૂર્ણ શરીરમાંથી પ્રકાશ અને અતિશય આનંદ પ્રસ્ફુટિત થઈ રહ્યો હતો.

મેં વિરોધ કર્યો : "આમાં હસવાની શું વાત છે! તમે મને ફરીથી એકદમ એકલી છોડી દીધી છે!"

બાબાજી એ જ કોમળતા અને કરુણા સાથે હસતા રહ્યા. અને હું સમજી ગઈ કે તેઓ વાસ્તવમાં મારા અને તેમના બધા શિષ્યોની સાથે છે.

*કેલેક દી બ્રિટનિ, ફ્રાંસ*

વર્ષ ૧૯૮૨માં હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં રહેતી હતી. ૨ ઑક્ટોબરની બપોરે અમને એ હૉલમાં બોલાવવામાં આવ્યા જ્યાં ભગવાન નિત્યાનંદની મૂર્તિ સ્થાપિત છે. અમને જણાવવામાં આવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. અમે બધાં સ્તબ્ધ રહી ગયાં. ઝિંઝોટી રાગમાં 'ૐ નમો ભગવતે નિત્યાનંદાય'ની ધુન શરૂ થઈ ગઈ અને બે અઠવાડિયા સુધી અનવરત ચાલતી રહી. એક સમય આવ્યો જ્યારે ધુનના શબ્દો 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'માં બદલાઈ ગયા. પહેલીવાર અમે ફક્ત બાબાજીના નામનું સંકીર્તન કર્યું.

સંકીર્તન આખા આશ્રમમાં ગુંજી રહ્યું હતું. શક્તિ અસીમ હતી. બાબાજીના નિવાસ સ્થાનને ખોલી દીધું હતું અને આશ્રમવાસીઓ દિવસ રાત ત્યાં ધ્યાન કરવા લાગ્યા હતા. હું એક રૂમમાં બેસી ગઈ; હું અત્યંત દુઃખ અને સાથેસાથે પરમાનંદ, એ બંને ભાવથી ભરાઈ ગઈ.

જ્યારે હું બાબાજીના મહાપ્રયાણની વાસ્તવિકતાનો સ્વીકાર કરવાનો પ્રયત્ન કરી રહી હતી, શ્રીગુરુમાઈ દ્વારા આપવામાં આવેલા સાંત્વનાના શબ્દો, ગુરુદેવ સિદ્ધપીઠથી લગાતાર પ્રસારિત કરવામાં આવી રહ્યા હતા. તેમના

શબ્દોમાં નિહિત શક્તિ અને કરુણાએ મને આશ્વસ્ત કરી હતી કે બાબાજીએ આપણને એવી મહાન વિભૂતિના સંરક્ષણમાં સોંપી દીધા છે જેના પર હું વિશ્વાસ કરી શકું છું કે આ પૃથ્વી પર મારી શેષ જીવનયાત્રામાં તેઓ મારું માર્ગદર્શન કરશે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી ત્યારે હું ગુરુદેવ સિદ્ધપીઠમાં હતો. તે રાતે, જે રૂમમાં હું રોકાયો હતો, ત્યાં કોઈક આવીને કહ્યું કે દરેક વ્યક્તિએ મંદિરમાં જઈને સંકીર્તનમાં ભાગ લેવાનો છે, કારણકે બાબાજીની તબિયત સારી નથી.

જ્યારે અમારામાંથી કેટલાક લોકો મંદિરમાં પહોંચ્યા તો તે આખું ભરાઈ ચૂક્યું હતું. તેથી અમે સંકીર્તન માટે, બાબાજીના રૂમની સામે ગુરુચોકમાં પહોંચ્યા. ત્યાર પછી તરત જ બાબાજીના રૂમમાંથી એક વ્યક્તિ બહાર આવી. મેં પૂછ્યું કે શું થયું. તેણે ઉત્તર આપ્યો, “બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે!” મને આઘાત લાગ્યો. હું બેસી ગયો અને રડવા લાગ્યો.

પછી અચાનક જ, બાબાજીના રૂમમાંથી એક મહિલા બહાર આવી અને તેણે હાથ હલાવીને અમને અંદર આવવા માટે સંકેત કર્યો. હું બાબાજીના દેહની સામે બેસી ગયો: તેમની આંખો સહેજ ખુલ્લી હતી અને મને મહસૂસ થયું કે તેઓ જીવિત છે. મને મારા અંતરમાં એક અવાજ સંભળાવા લાગ્યો જે વારંવાર કહી રહ્યો હતો, “ગુરુ શરીર નથી. ગુરુ શરીર નથી.”

બાબાજીનાં આ અંતિમ દર્શનથી અને તેમની પાસેથી મળેલી શિખામણથી મને મહસૂસ થયું કે હું ઘણો ભાગ્યશાળી છું.

*ફ્લૉરિડા, અમેરિકા*

બાબાજીએ મહાસમાધિ લીધી તેના એક અઠવાડિયા પહેલાં મેં સ્વપ્ન જોયું કે હું એક હૉલમાં છું અને એક ગ્રેન્ડ પિયાનો મારી પાસે મૂક્યો છે. બાબાજી આવીને એક બેંચ પર બેસી જાય છે. મને પિયાનો વાગવાનો અવાજ સંભળાવા લાગે છે અને શબ્દો વગર જ, તે સંગીત મારા હૃદય સાથે વાત કરવા લાગે છે. સૂરોના માધ્યમથી

બાબાજી મને કહે છે કે તેઓ જઈ રહ્યા છે. હું રડતાં-રડતાં તેમને કહું છું કે હું તમારા વિના નહીં રહી શકું. સંગીત વાગતું રહે છે અને ફરી એકવાર બાબાજી સંગીતના માધ્યમથી મને કહે છે કે હું તેમને હંમેશાં સંગીતમાં પામીશ.

એક અઠવાડિયા પછી, હું બાર્સિલોનાના સિદ્ધયોગ આશ્રમના ધ્યાનહૉલમાં જ્ઞાનેશ્વર મહારાજ સાથે સંબંધિત એક નાટકનો પૂર્વાભ્યાસ કરી રહી હતી— ત્યારે એક સ્વામીજીએ આવીને અમને કહ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. જ્યારે મેં આ સાંભળ્યું તો મને એવું મહસૂસ થયું જાણે કે હું એક વિશાળ, અનંત આકાશમાં તરી રહી છું જે સમયથી પરે છે — જે બધાંથી એકદમ અલગ છે.

એક જ વસ્તુ મને સાર્થક લાગી રહી હતી, તે હતી મંત્રધુનનો સહારો લેવો. મેં હાર્મોનિયમ પાસે જઈને 'ૐ નમઃ શિવાય' વગાડવાનું શરૂ કરી દીધું. ધીરેધીરે હૉલમાં ઉપસ્થિત બધાં લોકો મારી સાથે ગાવાં લાગ્યાં. પછી અમને ખબર પડી કે વિશ્વભરના સિદ્ધયોગ આશ્રમ તથા ધ્યાન કેન્દ્રોમાં નિરંતર 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'નું સંકીર્તન થઈ રહ્યું છે.

હું બાબાજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞ હતી કે તેમણે સ્વપ્નમાં આવીને મને કહ્યું કે હું સંકીર્તનના માધ્યમથી હંમેશાં તેમની સાથે રહી શકું છું.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

વર્ષ ૧૯૮૨માં હું ગુરુદેવ સિદ્ધપીઠની ગૌશાળામાં સેવા અર્પિત કરી રહ્યો હતો. બાબાજી દરરોજ સવારે અને સાંજે ગાયોને ચારો ખવડાવવા અને તેને પંપાળવા ત્યાં આવતા હતા. મહાસમાધિ લેતા પહેલાંની તે સાંજે બાબાજી વહેલા આવી ગયા હતા; તેમણે કેટલીક ગાયોને ચારો ખવડાવ્યો અને બીજી ગાયો વિશે પૂછ્યું.

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, એક મિત્રે આવીને કહ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું સ્તબ્ધ થઈ ગયો, પરંતુ તરત જ ઊભો થયો અને ગૌશાળામાં ગયો. એક અન્ય વ્યક્તિ ગાયોને દોહી રહ્યો હતો અને હું મૌન થઈને સફાઈ કરી રહ્યો હતો. અમારું કાર્ય સમાપ્ત થતા હું અન્નપૂર્ણામાં દૂધ પહોંચાડવા રાત્રિમાં બહાર આવ્યો. મેં ઉજ્જ્વળ પૂર્ણચંદ્ર તરફ જોયું અને મને રડવું આવી ગયું. જેવો હું અન્નપૂર્ણાની નજીક પહોંચ્યો, મારું રડવાનું બંધ થઈ ગયું અને હું દૂધનું વાસણ ખાલી કરવા માટે અંદર ગયો. હું ફરી ગૌશાળા તરફ જવા લાગ્યો અને ફરીથી મારું રડવાનું શરૂ થઈ ગયું. ગૌશાળા પહોંચ્યો ત્યારે મારું રડવાનું બંધ થઈ ગયું; અને મને મહસૂસ થયું કે મારું રડવાનું સમાપ્ત થઈ ગયું છે અને હવે મારે રડવાની જરૂર નથી.

મને પ્રફુલ્લતા, ચેતનતા અને આનંદનો અનુભવ થયો. મેં મહસૂસ કર્યું કે બાબાજીએ મને તેમની પ્રેમપૂર્ણ ઉપસ્થિતિથી આવૃત કરી લીધો છે.

*પર્થ, ઑસ્ટ્રેલિયા*

એ દિવસ કેટલો અવિસ્મરણીય હતો. મને ફોન પર સંદેશ મળ્યો કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે અને અમે સંકીર્તન કરવા માટે સ્થાનીય સિદ્ધયોગ ધ્યાન કેન્દ્ર પર એકત્રિત થઈ રહ્યાં છીએ. આ સમાચાર સાંભળીને મારું મન નિઃસ્તબ્ધ થઈ ગયું; ધ્યાન કેન્દ્રમાં જવા માટે તૈયાર થવા અને ત્યાં પહોંચવા સુધી મારું મન તેવી જ રીતે નિઃસ્તબ્ધ રહ્યું. કેન્દ્રનું સમગ્ર વાતાવરણ જ નિઃસ્તબ્ધ હતું, શક્તિ એટલી પ્રખર હતી કે સ્પષ્ટ મહસૂસ થઈ રહી હતી. કેન્દ્રમાં ભેગા થયેલાં લોકો પ્રેમ અને અભિસ્વીકૃતિના ભાવથી એકબીજાને મૌનમાં મળી રહ્યાં હતાં.

‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’ ગાતા-ગાતા હું તેના વર્ણોમાં ખોવાઈ ગઈ અને મને મહસૂસ થયું કે મારી અંદર બાબાજીની ઉપસ્થિતિ અને તેમનો પ્રેમ ખૂબ જ વધી રહ્યો છે.

મારા મનના એક નાના ખૂણામાંથી વિચાર આવી રહ્યો હતો, “હું શોકની આ સ્થિતિમાં રડી કેમ નથી રહી; દુઃખ ક્યાં છે?”

એ અસંભવ લાગી રહ્યું હતું, પરંતુ દુઃખની જગ્યાએ, હું સ્વયંને અવિશ્વસનીય રૂપે બાબાજીના પ્રેમથી પરિપૂર્ણ મહસૂસ કરી રહી હતી અને અનુભવ કરી રહી હતી કે બાબાજીએ જે કહ્યું હતું તે સત્ય છે — તેમણે દેહ ત્યાગી દીધો છે પરંતુ તેમણે પોતાના શિષ્યોના હૃદયમાં પૂરી રીતે પ્રવેશ કરી લીધો છે.

*એરિઝોના, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાત્રે, જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી ત્યારે હું ત્યાં જ, ગુરુદેવ સિદ્ધપીઠમાં જૂન મહિનાથી રહેતો હતો. શરૂઆતમાં મને ઊંડો આઘાત લાગ્યો અને હું ઉદાસ થઈ ગયો. મારા બાબાજી ચાલ્યા ગયા હતા અને ભૌતિક રૂપથી તેમની સાથે ન રહી શકવાનો વિચાર ઘણો દુઃખદાયી હતો. તેમનું દિવ્ય સ્વરૂપ મારા માટે કેટલું અણમોલ હતું!

તેમ છતાં, જેમજેમ તેમના નામનું સંકીર્તન આખા આશ્રમ પરિસરમાં નિરંતર વ્યાપ્ત થઈ રહ્યું હતું, તેમતેમ તેમની શક્તિ પણ સ્પષ્ટરૂપથી મહસૂસ થઈ રહી હતી. વાતાવરણ પ્રસન્નતાથી ભરાવા લાગ્યું હતું. એવું લાગતું હતું કે અમને દુ:ખથી પરે લઈ જવામાં આવી રહ્યાં હતાં — તેમના પ્રેમે અમને સંભાળી રાખ્યાં હતાં અને અમે એ મહસૂસ કરી રહ્યાં હતાં કે તેઓ ત્યાં અમારી સાથે જ છે. દૂર-દૂરથી અને આસપાસના સ્થાનોથી ભક્તોનું આવવાનું શરૂ થઈ ગયું હતું. હું જોઈ શકતો હતો કે તેમના ચહેરાના દુ:ખ અને ઉદાસીના ભાવ, શાંતિ અને સંતોષમાં બદલાઈ રહ્યા હતા, કારણકે તેઓ પણ આ જ પ્રેમમાં નિમગ્ન થઈ રહ્યા હતા.

મારા માટે પરાકાષ્ઠાની ક્ષણ એ હતી જ્યારે મને કહેવામાં આવ્યું કે એક દિવસ વહેલી સવારે મારે ત્યાં ઊભા રહીને બાબાજીના દેહનું ધ્યાન રાખવાનું છે. ત્યાં બાબાજી અને હું, અમે બંને જ હતા. એક સમયે મને એવું લાગ્યું કે બાબાજી ત્યાં જ છે, તેમના ભૌતિક દેહની થોડા ઉપરના સ્તર પર વિચરી રહ્યા છે અને વણકહ્યા શબ્દોમાં મને કહી રહ્યા છે, “જુઓ, હું અહીં જ છું. હું ક્યારેય ગયો જ નથી.”

*વૉશિંગ્ટન, અમેરિકા*

૧ ઑક્ટોબર, ૧૯૮૨ના રોજ શ્રીગુરુગીતાના પાઠ પછી, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં ઉપર અગાશીમાં ગઈ. સવાર થઈ રહી હતી, આશ્રમની ચારેબાજુ તાનસા ઘાટીમાં અત્યંત અદ્‌ભુત મનમોહક જાંબુડિયા રંગનું ધુમ્મસ ફેલાયેલું હતું. આવું મેં પહેલાં ક્યારેય જોયું નહોતું. હું જાણતી નહોતી કે આ સૌથી સુંદર સવાર, આ ધરા પર બાબાજીના જીવનનો અંતિમ દિવસ છે.

૨ ઑક્ટોબરના સવારના પહોરમાં કોઈકે મારો દરવાજો ખખડાવ્યો અને કહ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું ધ્યાનકક્ષમાં ગઈ, જ્યાં તેમને સમાધિ આપવાની તૈયારી ચાલી રહી હતી. પછી અમને બધાંને બાબાજીના રૂમમાં આવવા માટે કહેવામાં આવ્યું. હું ઘણા સમય સુધી ત્યાં બેસી રહી, મને મારી અંદર સંપૂર્ણ શાંતિ મહસૂસ થઈ રહી હતી. પહેલાં જે ધ્યાનકક્ષ હતો, ત્યાં થોડા દિવસ પછી બાબાજીને સમાધિ આપવામાં આવી, અને તે જ વર્તમાનમાં બાબાજીનું સમાધિ મંદિર છે. એ દિવસોનું વર્ણન હું આ રીતે કરીશ — ઉદાસીથી ઉલ્લાસ. મને એવું લાગતું જ નહોતું કે બાબાજી ચાલ્યા ગયા છે; મને મારી અંદર તેમની ઉપસ્થિતિ ઘણી વધારે પ્રબળતાથી મહસૂસ થઈ રહી હતી, અને આજે પણ થાય છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર ૧૯૮૨નો એ દિવસ હું ક્યારેય નહીં ભૂલું. મારા ભાઈએ શ્રી મુક્તાનંદ આશ્રમથી મને ફોન કર્યો અને આ સમાચાર જણાવ્યા. મારો પરિવાર સાથે જ હતો. જે સાંભળ્યું, તેનાથી સ્તબ્ધ થઈને અમે ત્યાં જ બેસી રહ્યાં. સમજાતું નહોતું કે શું કરીએ આ વાત પર કેવી રીતે વિશ્વાસ કરીએ.

તે જ ક્ષણે કોઈકે દરવાજો ખખડાવ્યો. મેં દરવાજો ખોલ્યો, એક ભારતીય વ્યક્તિ ત્યાં ઊભો હતો. તે ઘેર-ઘેર જઈને વેદોનાં પુસ્તકો વેચી રહ્યો હતો. મારી આંખો આંસુઓથી ભરેલી હતી, મેં તેને કહ્યું કે અમારા પરમપ્રિય શ્રીગુરુએ હમણાં જ સમાધિ લીધી છે. તેણે ખૂબ જ કરુણા સાથે મારા તરફ જોયું અને પૂછ્યું કે શું તે અંદર આવી શકે છે.

તે અમારા હાર્મોનિયમની પાસે બેસી ગયો અને અમને સાંત્વના આપવા માટે હાર્મોનિયમ વગાડીને ભજન ગાવા લાગ્યો. તેણે એક ભજનનો અર્થ પણ અમને સમજાવ્યો કે જ્યારે કોઈ મહાપુરુષ પોતાના દેહનો ત્યાગ કરે છે તો તેઓ વાસ્તવમાં ક્યાંય નથી જતા, પરંતુ તેમના ભક્તોના હૃદયમાં પ્રવેશ કરી લે છે. તેના શબ્દો ખૂબ જ સુખદ અને પ્રેમથી ભરેલા હતા.

મેં આના પહેલાં કે આજ સુધી ક્યારે પણ કોઈની પાસેથી ઘેર-ઘેર જઈને વેદોનાં પુસ્તકો વેચનાર વ્યક્તિ વિશે સાંભળ્યું નથી. આ વાસ્તવમાં બાબાજી તરફથી આપવામાં આવેલો ઉપહાર હતો જેથી અમારા શોકના સમયમાં અમને આશ્વાસન મળે અને અમે તેમની જે કમી મહસૂસ કરી રહ્યા હતા, તેમાં દિલાસો અને સહારો મળે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

મહાસમાધિના થોડા મહિના પહેલાં બાબાજી હંમેશાં આશ્રમમાં અલગ-અલગ સ્થાન પર જઈને લોકો સાથે વાતચીત કરતા જોવામાં આવતા હતા. તેઓ મેનેજરોની સાથે વાતો કરતા, દર્શન આપતા અથવા બાળકો સાથે પોતાની ગોલ્ફ કાર્ટમાં ફરવા નીકળતા.

સાંજના સમયે બાબાજી ધ્યાન ગુફામાં જતા, એ લોકોને આશીર્વાદ આપતા જેઓ ત્યાં તેમની શક્તિ સાથે ધ્યાન કરતા હોય.

તેમના એ અંતિમ મહિનાઓમાં બાબાજીને પૂર્ણરૂપથી સ્વયંને સમર્પિત કરતા જોવા અત્યંત અદ્‌ભુત અને પ્રેરણાદાયક હતું. મને એવું મહસૂસ થયું કે જાણે બાબાજી પોતાનો સમય બિલકુલ વેડફવા માગતા નહોતા, જેમ કે તેમની પાસે જેટલો સમય બચ્યો હતો તેનો ઉપયોગ તેઓ બીજાંઓ પ્રતિ સ્વયંને જેટલા વધુ આપી શકતા હતા, તેના માટે કરી રહ્યા હતા.

*ટેક્સાસ, અમેરિકા*

વર્ષ ૧૯૮૧ની પાનખરની ઋતુ દરમ્યાન, મેક્સિકો શહેરમાં સ્થિત આશ્રમમાં મેં સ્વપ્ન જોયું કે બાબાજીનો દેહાંત થઈ ગયો છે. આંસુઓથી ભરેલી આંખો તથા આ અત્યંત કષ્ટદાયી દુઃખની સાથે હું જાગી ગઈ કે મેં સર્વસ્વ ગુમાવી દીધું છે. આવું દુઃખ મેં પહેલાં ક્યારેય મહસૂસ કર્યું નહોતું. તે દિવસે મેં બાબાજીની સાથે રહેવા માટે ભારત જવાનો નિશ્ચય કરી લીધો. હું માર્ચ ૧૯૮૨માં ભારત આવી ગઈ.

૨ ઑક્ટોબરની પૂર્ણિમાની સાંજે, હું સાયંકાલીન નામસંકીર્તનમાં ગઈ; એક વિડીયો બતાવવામાં આવી રહ્યો હતો જેમાં બાબાજી, એ દિવસને યાદ કરી રહ્યા હતા જ્યારે ભગવાન નિત્યાનંદે દેહત્યાગ કર્યો હતો. બાબાજી તેમના કક્ષની બહાર અંધારામાં બેઠા હતા. મારા રૂમમાં પાછા ફરતાં પહેલાં હું રોકાઈ અને ઘણા સમય સુધી ચંદ્રમાને જોતી રહી. મેં મારી અંદર અત્યંત પરિપૂર્ણતા અને સંતુષ્ટિ મહસૂસ કરી.

તે જ રાતે, મને ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું રડવા લાગી અને કલાકો સુધી રડતી રહી, બસ રડતી જ રહી. જેમજેમ આ સમાચાર ફેલાતા ગયા, સેંકડો લોકો અંતિમ દર્શન કરવાં આવવાં લાગ્યાં. આશ્રમમાં મહિનાભર માટે નામસંકીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, અને આ જ વસ્તુએ મને બચાવી લીધી. મેં મહસૂસ કર્યું કે બાબાજીએ મારી અંદર જે અદ્‌ભુત શક્તિને જગાવી હતી, તે અત્યારે પણ મારી સાથે છે અને મારું માર્ગદર્શન કરી રહી છે. અને હવે, શ્રીગુરુમાઈના સાન્નિધ્યમાં મારું જ્ઞાન અને મારી પરિપક્વતા નિરંતર વિકસિત થઈ રહી છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

બાબાજીના મહાસમાધિ લેવાના પહેલાની બપોરે, ઉદ્‌ઘોષણા કરવામાં આવી કે બાબાજીના દર્શન થશે; મને બહુ આશ્ચર્ય થયું કારણકે આ ઘોષણા ગુરુચોકમાં સિતારના એક તાર પર ઉચ્ચ અને અસાધારણ સ્વરમાં કરવામાં આવી હતી. મારા માટે આ દર્શનમાં અનિવાર્ય રૂપથી હાજર થવાની આજ્ઞા જેવું હતું. જ્યારે હું બાબાજીની સામે જઈને ઊભો રહ્યો તો તેમણે મારી તરફ જોઈને એટલા સ્નેહથી, એટલા પ્રેમથી, એટલી આત્મીયતાથી અને એટલી મિત્રતાથી સ્મિત આપ્યું કે મેં આના પહેલાં ક્યારેય આવું મહસૂસ કર્યું નહોતું; તેમણે એટલા મધુર ગહન સ્વરમાં મારું સ્વાગત કર્યું કે એવો સ્વર મેં પહેલાં ક્યારેય સાંભળ્યો ન હતો. આવી રીતે તેમની સામે જવાનો આ અંતિમ અવસર હતો. તેમનામાંથી જે પ્રેમ મારી અંદર વહી રહ્યો હતો તે એટલો પ્રબળ હતો કે હું ઊભો રહી શકતો નહોતો

અને ત્યાં જ તેમની ખુરસીની પાસે બેસી ગયો. તે ક્ષણમાં હું તેમના જ્ઞાન અને પ્રેમમાં પીગળી ચૂક્યો હતો અને હું ત્યાં જ બેસી રહ્યો; કદાચ થોડી ક્ષણ માટે જ બેસી શક્યો હતો, પછી હૉલ મૉનિટરે મને આગળ ચાલવા માટે કહ્યું.

આટલા વર્ષ પછી, મારો આ અનુભવ આજે પણ મારી સાથે જ છે. જ્યારે પણ મને બાબાજીથી દૂર હોવાનું અથવા સીમિત હોવાનું મહસૂસ થાય છે, હું એ ક્ષણને યાદ કરું છું. અને જેવી રીતે હું ફરી મારી પૂર્વ સ્થિતિમાં પાછો આવી જાઉં છું, તે વિલક્ષણ છે. મને આ મહાપુરુષનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું, તે માટે મારી કૃતજ્ઞતા ફરીથી નવીન થઈ જાય છે.

*ફ્લૉરિડા, અમેરિકા*

ઑગસ્ટ ૧૯૮૨માં મેં પાંચ દિવસ ગણેશપુરીમાં વિતાવ્યા હતા. હું બાબાજીને પહેલીવાર મળી હતી. તે સમયે હું ગુરુઓ વિશે કંઈ પણ જાણતી નહોતી છતાં પણ એ પાંચ દિવસોમાં મેં અનુભવ કર્યું કે બાબાજી ખરેખર વિશેષ છે, તેમની પાસે એવું જ્ઞાન અને શક્તિ છે જે મારા અનુભવ કરતાં ખૂબ વધારે છે.

૨ ઑક્ટોબરની પૂર્ણિમાની રાતે હું પૅરિસના મારા સ્ટુડિયોમાં કામ કરી રહી હતી, ત્યારે અચાનક જ મેં મહસૂસ કર્યું કે પ્રેમની એક તીવ્ર લહેર મારી અંદર ઊતરી રહી છે અને મને પૂરી રીતે પોતાનામાં સમાવી લીધી છે. તે ક્ષણે મને પૂર્ણ નિશ્ચિંતતાથી અનુભવ થયો કે બાબાજીએ સ્વયંને મારી અંદર હંમેશાં હંમેશાં માટે પ્રતિષ્ઠાપિત કરી લીધા છે. હું એ જાણી ગઈ કે તેઓ મારા શ્રીગુરુ છે. પછી, પૅરિસના ધ્યાન કેન્દ્ર પર મને ખબર પડી કે તે દિવસે બાબાજીએ પોતાના દેહનો ત્યાગ કરી દીધો છે. કેવો અદ્ભુત આશીર્વાદ!

આજે મને શ્રીગુરુની કરુણા યાદ આવે છે જે એક એવી વ્યક્તિ પર વરસાવવામાં આવી હતી જે તે સમયે સિદ્ધોના જીવન તથા તેમની મહાનતાથી પૂર્ણતઃ અજાણ હતી. આજે હું બાબાજીને પ્રણામ કરું છું અને ગહન કૃતજ્ઞતા સાથે તેમના જીવન, તેમના ઉપહારનો ઉત્સવ મનાવું છું. હું તેમના પ્રેમ તથા તેમની ધરોહરને નમન કરું છું જે શ્રીગુરુમાઈની ઉપસ્થિતિ અને તેમની શિખામણોના માધ્યમથી મારા જીવનનું કેન્દ્રબિંદુ બની ગઈ છે.

*સટન, (ક્યૂબેક), કેનેડા*

૨ ઑક્ટોબરની પૂર્ણિમાની રાતે હું હ્યૂસ્ટનના સિદ્ધયોગ આશ્રમમાં હતી. જ્યારે અમે બાબાજીની મહાસમાધિના સમાચાર સાંભળ્યાં તો હું શોકાકુળ થઈ ગઈ. એક રાત પહેલાં મને બાબાજીની ઘણી યાદ આવી રહી હતી અને તેમને મળવાની ઘણી ઇચ્છા થઈ રહી હતી. હું સંકીર્તન માટે ધ્યાનકક્ષમાં ગઈ અને બે દિવસ સુધી બહાર ન આવી શકી, ન તો સૂવા માટે કે ન તો જમવા માટે. હૉલમાં સંકીર્તન કરતી વખતે મને એવું મહસૂસ થઈ રહ્યું હતું કે જાણે હું બાબાજીના દેહમાં જ છું.

પછી મારી પ્રિય બહેને મને ભારત જવા માટે વિમાનની ટિકિટ મોકલી. જ્યારે હું ગુરુદેવ સિદ્ધપીઠ પહોંચી, તો ત્યાંના વાતાવરણમાં એક પ્રચંડ શક્તિ વ્યાપ્ત હતી. ભક્તોની અંદર પ્રેમ તથા એકબીજાનું ધ્યાન રાખવાની ભાવના ઘણી પ્રબળ હતી. અમે અમારા પરમપ્રિય બાબાજીને ગુમાવી દીધા હતા, છતાં પણ અમે તેમને ગુમાવ્યા નહોતા. તેમની ઉપસ્થિતિ સ્પષ્ટ અને વાસ્તવિક હતી, એ હવા કરતાં પણ અધિક વાસ્તવિક હતી જેમાં અમે શ્વાસ લઈ રહ્યાં હતાં અને એ સૂર્ય કરતાં પણ અધિક વાસ્તવિક હતી જેને અમે ત્વચા પર મહસૂસ કરી રહ્યાં હતાં. બાબાજી પહેલાંની જેમ જ તે સમયે પણ અમારી સાથે હતા, આજે પણ છે અને — હંમેશાં રહેશે.

*ફ્લૉરિડા, અમેરિકા*

ભારતમાં બાબા મુક્તાનંદ પાસે નવ મહિના વિતાવ્યા પછી, ૧૯૮૨ના પાનખર દરમ્યાન હું છ મહિનાથી લૉસએન્જલિસમાં રહેતી હતી. મને બાબાજીની અને આશ્રમ જીવનની બહુ યાદ આવતી હતી.

૨ ઑક્ટોબરની પૂર્ણિમાની સવારે, મને સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. એટલે હું તરત જ સેંટા મોનિકાના સિદ્ધયોગ આશ્રમ જવા માટે નીકળી ગઈ, જ્યાં ત્રીસ દિવસનો નામસંકીર્તન સપ્તાહ ચાલી રહ્યો હતો. એ મહિને મેં મારી રાતો સેવા અર્પિત કરવામાં અને નામસંકીર્તન કરવામાં વિતાવી. દિવ્ય શક્તિ સ્પષ્ટરૂપે મહસૂસ થઈ રહી હતી જેને કારણે આશ્રમ સ્વર્ગ બની ગયો હતો. બાબાજીનો પ્રેમ પૂર્ણરૂપે વિદ્યમાન હતો અને તેઓ પણ *અમારી સાથે* સંકીર્તન કરી રહ્યા હતા.

ત્રીજું અઠવાડિયું આવતા આવતા મારો આત્મા એક એવું જીવન જીવવાની મહાન લલકથી ભરાઈ ગયો જે આધ્યાત્મિક સાધના પ્રત્યે *પૂરીરીતે* સમર્પિત હોય. તેથી મેં આશ્રમ સ્ટાફના રૂપે કોઈપણ ઉપલબ્ધ સેવા-સ્થાનમાં સેવા અર્પિત કરવાની ઇચ્છાથી આવેદન પત્ર ભર્યું. મારી શક્તિપાત પ્રાપ્ત કરવાની ત્રીજી વર્ષગાંઠ પર મને સ્ટાફમાં પૂર્ણકાલિક સેવા માટે સ્વીકૃતિ મળી ગઈ! એ બાબાજી તરફથી મારા માટે એક પ્રેમપૂર્ણ ભેટ હતી — એ મારી ગહનતમ પ્રાર્થનાનો ઉત્તર હતો. મારી આધ્યાત્મિક યાત્રા પર કેન્દ્રણ કરવા અને ગુરુમાઈજીનું માર્ગદર્શન અને તેમનાં દર્શન પ્રાપ્ત કરવાનો આ એક દુર્લભ અવસર હતો.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૧ ઑક્ટોબર, ૧૯૮૨ના દિવસે હું કામ પરથી પાછી ફરી અને મેં મારી કાર પાર્ક કરી. થોડીવાર પછી હું કોઈ બીજા કામથી કાર તરફ જઈ રહી હતી, ત્યારે હું ઉદિત થઈ રહેલા ચંદ્રમાને જોતા જ અવાક્ રહી ગઈ અને તેને જોતી જ રહી ગઈ. મેં આવો ચંદ્રમા પહેલાં ક્યારેય નહોતો જોયો, તે સૌથી મોટો, સૌથી ઉજ્જ્વળ અને સૌથી મનમોહક પૂર્ણચંદ્ર હતો. હું એટલી મંત્રમુગ્ધ થઈ ગઈ હતી કે ઘૂંટણભેર ત્યાં જ બેસી ગઈ અને મેં તેને પ્રણામ કર્યાં.

૨ ઑક્ટોબરની સવારે મેં સાંભળ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. ત્યારે મને સમજાયું કે ગઈકાલે રાતે ચંદ્રમા આટલો તેજોમય અને અલૌકિક કેમ હતો. પ્રકૃતિ આ અસાધારણ ઘટનાની — એક મહાપુરુષના બ્રહ્માંડીય ચેતનામાં વિલીન થવાની — અભિસ્વીકૃતિ આપી રહી હતી.

હું બાબાજી પ્રતિ અત્યંત કૃતજ્ઞ છું, તેમના મહિમામય જીવન માટે તથા શક્તિપાતના અણમોલ મહાપ્રસાદ માટે જે તેમણે મુક્તરૂપે અને ઉદાર હૃદયથી સૌને પ્રદાન કર્યો.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે મારા માતાપિતાના ઘરમાં અમે સાપ્તાહિક સત્સંગ કરી રહ્યાં હતાં. સંકીર્તન દરમ્યાન મેં કંઈક પડવાનો અવાજ સાંભળ્યો; જ્યારે મેં મારી આંખો ખોલી તો જોયું કે બાબાજીનો એક ફોટો દીવાલ પરથી નીચે જમીન પર પડી ગયો છે. એક વ્યક્તિએ તેને ઉપાડીને ફરીથી પૂજાસ્થાનમાં મૂકી દીધો. પછી અમે આનંદ-મસ્તી સાથે અને અત્યંત ભાવથી સંકીર્તન તથા ધ્યાનનો આનંદ લીધો.

તે દિવસોમાં અમે ધ્યાન પછી, સત્સંગના અમારા અનુભવ એકબીજાને કહેતા હતા. મારા પિતાએ કહ્યું કે ધ્યાનના સમયે તેમણે બહાર વરસાદ શરૂ થવાનો અવાજ સાંભળ્યો હતો અને વરસાદનું દરેક ટીપું પડતું હતું ત્યારે 'ૐ નમઃ શિવાય'નો ધ્વનિ સંભળાઈ રહ્યો હતો. હું આશ્ચર્યચકિત થઈ ગયો, મને લાગ્યું કે આ સત્સંગ સૌથી વિશેષ અને અસામાન્ય હતો.

પછી, તે દિવસે સાંજે કેન્દ્રના કોઑર્ડિનેટરે ફોન કરીને જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. શરૂશરૂમાં હું બહુ ઉદાસ થઈ ગયો. પણ જ્યારે મેં તેના પર વધુ મનન કર્યું તો સમજાયું કે બાબાજીએ એ જ સમયની આસપાસ મહાસમાધિ લીધી હતી જ્યારે અમારો સત્સંગ ચાલી રહ્યો હતો. અમે બધાંએ તેમની ઉપસ્થિતિને ખૂબ

જ શક્તિશાળી રીતે અનુભવ કરી હતી અને મેં બાબાજીની અપાર કરુણા માટે તેમના પ્રતિ અત્યંત કૃતજ્ઞતાનો અનુભવ કર્યો.

*લંડન, યુનાઇટેડ કિંગડમ*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે હું સૂતી હતી, મધુર સ્વપ્નો જોઈ રહી હતી. એ સમયે મારી સામે એક સ્વર્ણિમ ત્રિકોણ ઉદ્‌ભવ્યો. એ ત્રિકોણની અંદર, સુંદર સોનેરી પાદુકાઓ, શ્રીગુરુની પાદુકાઓ હતી.

આ દૃશ્યને જોઈને હું આશ્ચર્યચકિત હતી ત્યારે જ મારા ફોનની ઘંટડી વાગી. અનિચ્છાએ, હું મારા સ્વપ્નમાંથી જાગી ગઈ અને મેં ફોન ઉપાડ્યો. મારી મિત્રે મને કહ્યું કે બાબાજીએ થોડા કલાક પહેલા ગુરુદેવ સિદ્ધપીઠમાં મહાસમાધિ લઈ લીધી છે. આ સાંભળીને હું સ્તબ્ધ થઈ ગઈ, આ વાત મને અંદર સુધી સ્પર્શી ગઈ અને મેં મહસૂસ કર્યું કે બાબાજી મને વિદાયની ભેટ આપી ગયા છે. તેમણે જતાજતા સ્વયંને મારા અંતરમાં સ્થાપિત કરી દીધી હતી અને સ્વપ્નનું એ અદ્‌ભુત દૃષ્ટાંત એ જ વાતનું પ્રતીક હતું.

હું જાણું છું કે બાબાજી સદૈવ આપણી સાથે છે.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

વર્ષ ૧૯૮૨માં, હું સિદ્ધયોગ પથ પર એક નવી સાધક હતી અને ગુરુદેવ સિદ્ધપીઠમાં મારી સેવા અર્પિત કરી રહી હતી. બાબાજીએ મહાસમાધિ લીધી તેના થોડા દિવસ પહેલાં, હું જ્યારે પણ મારી આંખો બંધ કરતી તો મને તેમના મુખમંડલનાં દર્શન થતાં. એ શનિવારની બપોરે, છેલ્લીવાર બાબાજીનાં ભૌતિક રૂપમાં દર્શન દરમ્યાન હૉલના પાછળના ભાગમાં હું આંખો બંધ કરીને બેઠી હતી, ત્યારે મેં મારા અંતરમાં તેમનાં દર્શન કર્યાં. આ રીતે અંતરમાં તેમના સાન્નિધ્યમાં હોવાથી હું પૂરીરીતે સંતુષ્ટિનો અનુભવ કરી રહી હતી.

એ સમયે હું વિડીયોની સેવા કરી રહેલા સેવાકર્તાઓની સાથે સેવા અર્પિત કરી રહી હતી અને એ જ રાતે બાબાજીએ મહાસમાધિ લીધા પછી મારી સેવા હતી જ્યારે પણ જરૂર હોય ત્યારે વિડીયોના સાધન લાવી આપવાની. જ્યારે હું તત્પરતાથી આ કાર્યમાં પરોવાયેલી હતી ત્યારે મારી અંદર અત્યંત આનંદ ઊમડવા લાગ્યો;

એ અવિશ્વસનીય હતું. પછી મારા મનમાં વિચાર આવ્યો અને મેં સ્વયંને કહ્યું, "થોભ, તારે તો ઉદાસ થવું જોઈએ. બાબાજીએ થોડીવાર પહેલાં જ દેહત્યાગ કર્યો છે!" તેના બદલે, તરત જ મારી અંદરથી આ સમજ ઊઠી કે બાબાજી શરીર નથી. તેઓ મારી સાથે છે. તેમનો પ્રેમ અને તેમની ઉપસ્થિતિ મારા અંતરમાં વિદ્યમાન છે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની સાંજે, હું મારા ઘરેથી મેલબૉર્ન સ્થિત સિદ્ધયોગ આશ્રમમાં સેવા અર્પિત કરવા માટે જઈ રહી હતી. રસ્તા પર ચાલતાં-ચાલતાં મારી નજર ચંદ્રમા પર ગઈ. એ અત્યંત સુંદર હતો. હું ચંદ્રમાને પ્રાર્થના કરવા લાગી, જેવી મેં અત્યાર સુધી ક્યારેય નહોતી કરી. મેં પ્રાર્થના કરી, "હે ચંદ્રમા, થોડા જ કલાકો પછી તમે ગુરુદેવ સિદ્ધપીઠના ગુરુચોકમાં તમારી ચાંદની ફેલાવશો. કૃપયા મારા બાબાજીનું ધ્યાન રાખજો."

પાછળથી મને આ સમકાલીનતા પર આશ્ચર્ય થયું. બીજા દિવસે, શ્રીગુરુગીતાના પાઠ પછી, અમને જણાવવામાં આવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. પછી અમને 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય' ધુન આરંભ કરવા માટે કહેવામાં આવ્યું. હું જે તંબૂરો વગાડી રહી હતી તેને ભેટી પડી, પછી હાર્મોનિયમ વાદકે મને હાર્મોનિયમ વગાડવા માટે કહ્યું. હું નહોતી જાણતી કે હું ત્યાં કેટલા સમય સુધી વગાડીશ, પણ એનાથી હવે કોઈ ફરક નહોતો પડતો. હું સ્વયંને ધન્ય મહસૂસ કરી રહી હતી કે આવા મંગલમય સમય પર હું બાબાજી અને તેમના ભક્તોની સેવા કરી રહી છું.

ચૌદ દિવસના સપ્તાહ દરમ્યાન મને જે ગહન આનંદ અને માધુર્યનો અનુભવ થયો એ અસાધારણ હતો. મને કોઈ ઉદાસીનો અનુભવ નહોતો થતો. માત્ર એક સુંદર, સુમધુર આનંદનો અનુભવ થતો હતો જે મારી અંદર ઊંડે-ઊંડે ઊતરી રહ્યો હતો અને મને રૂપાંતરિત કરી રહ્યો હતો, તેણે મને તેના પ્રેમભર્યા આલિંગનમાં સમાવી રાખ્યો.

*ઑકલેન્ડ, ન્યૂઝીલેન્ડ*

વર્ષ ૧૯૮૨ના ઑગસ્ટ મહિનાના અંતમાં હું મેસાચુસેટ્સના કેમ્બ્રિજ શહેરમાં રહેતી હતી. એક દિવસ બહાર ટહેલતી વખતે મને મારા અંતરમાં સ્પષ્ટતાથી 'ૐ નમઃ શિવાય' મંત્ર સંભળાવા લાગ્યો. એ સમયે હું મારા

જીવનનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાનો પ્રયત્ન કરી રહી હતી. મેં થોડા સમય માટે બોસ્ટનના સિદ્ધયોગ આશ્રમમાં રહેવાનું નક્કી કર્યું.

મને આશ્રમ આવ્યાને એક અઠવાડિયું પણ નહોતું થયું કે અમે બાબાજીના મહાસમાધિ લેવાના સમાચાર સાંભળ્યા. મને લાગ્યું કે બાબાજીએ જ મને આશ્રમ બોલાવી હતી. મેં મારા મનને સંકીર્તન અને ધ્યાનમાં લીન કરી દીધું. હું સ્વયંને બાબાજીની ખૂબ નિકટ અનુભવવા લાગી. સંકીર્તન કરતા સમયે, મેં અનુભવ કર્યો કે જન્મજન્માંતરોનાં દુઃખ અને કષ્ટ મારા આત્મામાંથી ધોવાઈ રહ્યાં છે, નીકળી રહ્યાં છે. હું લગભગ છ મહિના સુધી ત્યાં રહી.

હું મહસૂસ કરું છે કે ત્યારથી બાબાજી જ મારા જીવનને માર્ગદર્શિત કરી રહ્યા છે. હું મારા માટે તેમના પ્રેમને મહસૂસ કરું છું.

*મેસાચુસેટ્સ, અમેરિકા*

૨ ઑક્ટોબરની પૂર્ણિમાનો દિવસ, મારી કૉલેજના પરિસરમાં પાનખરનો એક મનોહર અને સુંદર દિવસ હતો. સૂર્યનાં કિરણો વૃક્ષોની વચ્ચેથી પ્રસરિત થઈ રહ્યાં હતાં અને આખું પરિસર લગભગ ખાલી હતું કારણકે બધાં લોકો ફુટબૉલની રમત જોવા ગયાં હતાં. મારી મિત્ર અને હું લીલાછમ મેદાનમાં બેસીને, એ સુંદરતા અને શાંતિનો આનંદ લઈ રહ્યાં હતાં અને હું મારી મિત્રને બહુ ખુશીથી બાબાજી વિશે જણાવી રહી હતી. બે વિદ્યાર્થી અમારી પાસે આવ્યા. મેં તેમનું અભિવાદન કર્યું અને મારી પાસે બેસાડ્યા અને તેમને પણ બાબાજી વિશે કહેવા લાગી!

બાબાજી વિશે આટલી વાતો કર્યા પછી, મેં એ દિવસે સાંજે સ્થાનીય સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રમાં જઈને સત્સંગમાં ભાગ લેવાનો નિશ્ચય કર્યો. જ્યારે હું ત્યાં પહોંચી તો સંકીર્તન પહેલાંથી જ ચાલી રહ્યું હતું. મેં પૂછ્યું કે શું મને મોડું થઈ ગયું છે; સૂત્રધારે કહ્યું, ''અરે, શું તેં નથી સાંભળ્યું? આજે બાબાજીએ દેહત્યાગ કર્યો છે.''

મને લાગ્યું કે એ સાંજે બાબાજી સ્વયં મને ત્યાં ખેંચી ગયા હતા, કારણકે સામાન્યરીતે હું અઠવાડિયાના એ દિવસે સત્સંગ માટે નહોતી જતી. હું ગહન કૃતજ્ઞતાથી ભરાઈ ગઈ કે બાબાજીના પ્રેમે આ રીતે મારું ધ્યાન રાખ્યું.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, હું એક પાર્ટીમાં હતો. હું બહાર બાલ્કનીમાં ગયો અને મેં સુંદર ચંદ્રમાને જોયો. મારા અંતરમાં મને તીવ્રતાથી બાબાજીની યાદ આવી, અને હું ભારત જઈને બાબાજીની સાથે તેમના આશ્રમમાં રહેવા માટે તડપી રહ્યો હતો. એ તડપ એટલી તીવ્ર હતી કે મારાં આંસુ વહેવાં લાગ્યાં. હું પાર્ટી છોડીને ઘરે જતો રહ્યો.

એ રાતે મેં સ્વપ્નમાં સ્વયંને ગુરુદેવ સિદ્ધપીઠમાં બાબાજીની સાથે જોઈ. સ્વપ્નમાં અમે એકબીજાને આલિંગન કર્યું. પછી હું જાગી ગયો, હું પ્રેમથી પૂર્ણરૂપે ભરાઈ ગયો હતો.

સવારે ફોનની ઘંટડી વાગી. કોઈએ જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે, તરત મને મારું સ્વપ્ન યાદ આવી ગયું અને હું સમજી ગયો કે બાબાજીનો પ્રેમ હવે આના કરતાં પણ વધારે પ્રબળ થતો રહેશે.

*ફેલેન, જર્મની*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, મને ફોન પર જણાવવામાં આવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. આશ્ચર્યની વાત એ થઈ કે દુઃખનો અનુભવ કરવાને બદલે મને એટલા આનંદનો અનુભવ થવા લાગ્યો કે હું ઊઠીને નાચવા લાગ્યો. હું ગોળ-ગોળ ફરવા લાગ્યો, હું ખુદને રોકી જ નહોતો શકતો. હું બહાર જવા માટે અચકાઈ રહ્યો હતો કારણકે હું જાણતો હતો કે હું મારા આ આનંદને છુપાવી નહીં શકું અને ગલીઓમાં નાચવા લાગીશ! તેથી હું ઘરની અંદર જ રહ્યો અને બાબાજીના અવર્ણનીય આનંદમાં આખો દિવસ પ્રેમથી નાચતો રહ્યો.

મને અત્યંત પ્રબળતાથી બાબાજીની ઉપસ્થિતિ મહસૂસ થઈ રહી હતી.

*ફ્લૉરિડા, અમેરિકા*

બાબાજીના મહાસમાધિના સમાચાર સાંભળીને મને બહુ ઊંડો આઘાત લાગ્યો અને ગહન દુઃખ થયું. હું તરત જ બોસ્ટનના સિદ્ધયોગ આશ્રમ માટે નીકળી ગઈ. મને લાગ્યું કે મારું સંતુલન મેળવવાની મારી પાસે એક જ રીત છે, તે છે સત્સંગમાં ભાગ લેવો અને ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’ સંકીર્તન કરવું. અમે આશ્રમના શક્તિપૂરિત વાતાવરણમાં એક અઠવાડિયા સુધી સંકીર્તન કર્યું.

હું છ વર્ષ પહેલાં જ બાબાજીને મળી હતી અને મારું એવું માનવું હતું કે શ્રીગુરુનું ભૌતિક રૂપ જ મને મારા હૃદય સાથે જોડે છે. પણ એ અઠવાડિયે સંકીર્તન કરતા-કરતા હું એ સમજવા લાગી કે કદાચ કંઈક બીજું પણ છે જે મારે શીખવાનું બાકી છે.

કેટલાય દિવસો સુધી મારાં આંસુ વહેતાં રહ્યાં; એ આંસુઓથી તથા બાબાજીની કૃપા અને પ્રેમથી હું શીખી કે ભલે બાબાજી પોતાનું શરીર છોડીને ગયા છે, પણ આત્મા ક્યારેય નથી મરતો. હવે બાબાજી હંમેશાં મારા હૃદયમાં મારી સાથે રહે છે.

*મેસાચુસેટ્સ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે, મારી પ્રિય મિત્ર અને સિદ્ધયોગીએ મને તેના નવા ઘરના ગૃહપ્રવેશ કાર્યક્રમ માટે પોતાના ઘરે ભોજન માટે આમંત્રિત કરી હતી. કારણકે ઘરમાં કોઈ ફર્નિચર નહોતું એટલે અમે જમીન પર બેસીને જ 'પિકનિક' મનાવી. મારી મિત્ર સ્વાદિષ્ટ ભોજન બનાવે છે. દરેક નવી વાનગી પ્રસ્તુત કરતી વખતે એ કહેતી, "બાબાજીને આ વાનગી આવી રીતે જ બનાવેલી પસંદ છે," અથવા "બાબા ભીંડાનું શાક આવી રીતે જ બનાવે છે."

મેં કહ્યું, "મારું માનવું છે કે તેં આ ભોજન બાબાજી માટે બનાવ્યું છે અને મને ખુશી છે કે તેમના વતી હું આ ખાઈશ."

એ સાંજે, અમે સાંભળ્યું કે બાબાજીએ રાતે જ મહાસમાધિ લઈ લીધી છે. અમને એવું લાગ્યું કે અમે બાબાજીના બ્રહ્મલીન થવાના તેમના જન્મજન્માંતરોના લક્ષ્યના સન્માનમાં બપોરે એ મિજબાની કરી હતી. તથાપિ બાબાજીએ "આ સંસાર છોડ્યો નથી." નિસંદેહ, તેઓ ત્યારથી મારા જીવનને માર્ગદર્શિત કરી રહ્યા છે, ઘણીવાર એ શબ્દોના માધ્યમ દ્વારા જે ઊંઘમાંથી ઊઠતી વખતે કે ધ્યાનમાંથી ઊઠતી વખતે મારા મનમાં ગુંજે છે.

*લિટલહેમ્પટન, યુનાઈટેડ કિંગડમ*

વર્ષ ૧૯૮૨માં હું સિદ્ધયોગ પથ પર નવી હતી. હું શક્ય એટલું વાંચ્યા કરતી હતી અને સ્થાનીય સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રમાં જઈને સંકીર્તન કરતી હતી. હું બાબાજીને વ્યક્તિગત રૂપે ક્યારેય નહોતી મળી પરંતુ જ્યારે એક સિદ્ધયોગ સ્વામીએ અમારા ક્ષેત્રમાં આવીને એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું ત્યારે મને મંત્ર દ્વારા શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ હતી.

જે દિવસે બાબા મુક્તાનંદે મહાસમાધિ લીધી, તે દિવસે હું મારા ધ્યાનકક્ષમાં બેઠી હતી. હું ધ્યાન કરવાનો પ્રયત્ન કરી રહી હતી પણ હું બીજું કંઈ ન કરી શકી બસ બાબાજીના ફોટાની સામે નમન કરીને રડતી રહી. આ બધું એકદમ અનાયાસ અને આપોઆપ થઈ રહ્યું હતું. એ સાંજે સંકીર્તન માટે ધ્યાન કેન્દ્ર પર આવીને જ મને ખબર પડી કે બાબાજીએ દેહત્યાગ કરી દીધો છે. છતાં પણ એ દિવસે સવારે જ્યારે હું ધ્યાનકક્ષમાં બેઠી હતી ત્યારે મારી અંદર કંઈક તો હતું જે આ વાતને જાણતું હતું.

*જૉર્જિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે હું ગુરુદેવ સિદ્ધપીઠમાં હતી. એ દિવસે બપોરે અમે ગુરુચોકમાં મૌન દર્શન કર્યા અને રાતે સૂવા જતાં પહેલાં એક વિડીયો જોયો. રાત્રે ૧૧ વાગ્યાના થોડા સમય પછી અચાનક મને હવાના ઝોંકા જેવું મહસૂસ થયું, જેનાથી મારી ઊંઘ ઊડી ગઈ અને હું મારી પથારીમાં બેસી ગઈ. પછી હું સૂઈ ના શકી. ત્યારપછી પરોઢિયે, બીજી એક સંગીત સેવાકર્તા સાથે હું ભગવાન નિત્યાનંદના મંદિરમાં ગઈ અને મેં હાર્મોનિયમ કાઢ્યું કારણકે હું સંગીત વિભાગમાં સેવા અર્પિત કરતી હતી. અમે સંકીર્તન કરવાનો નિશ્ચય કર્યો.

હું ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’ની ધુન વગાડવા લાગી અને અમે મંદિરમાં સંકીર્તન આરંભ કર્યું. પછી સંકીર્તન ગુરુચોકમાં થવા લાગ્યું અને તે દિવસે દિવસે વધુને વધુ ભાવપૂર્ણ અને રસપૂર્ણ થતું ગયું. એ સંકીર્તન એક મહિના લાંબા સંકીર્તન-સપ્તાહમાં બદલાઈ ગયું કારણકે એ સમયે હજારો લોકો બાબાજીનાં અંતિમ દર્શન માટે આશ્રમ આવી રહ્યાં હતાં.

મને યાદ છે કે એ સંકીર્તન અમારામાંથી કેટલાંય ભક્તોને બાબાજીના પ્રેમની લહેરો સાથે વહાવીને લઈ ગયું અને અમને અમારા હૃદયમાં સ્થિર કરી દીધાં — જેને બાબાજીએ ન તો ક્યારેય છોડ્યું છે અને ન ક્યારેય છોડશે. જેમજેમ અમે અમારા પરમપ્રિય બાબાજીના સુંદર સ્વરૂપથી વિહીન પહેલો મહિનો વિતાવી રહ્યાં હતાં, તેમની શક્તિનો વેગ વધુને વધુ પ્રબળ થતો ગયો અને તેની ઉપસ્થિતિની અનુભૂતિ એટલી વધતી ગઈ જે પહેલાં મને ક્યારેય નહોતી થઈ; હું જાણી ગઈ કે સાચું તો એ છે કે બાબાજી ક્યાંય ગયા નથી.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી, ત્યારે હું સિડનીના સિદ્ધયોગ આશ્રમમાં રહેતી હતી. આ સમાચારથી હું બહુ દુ:ખી હતી કારણકે મને લાગ્યું કે મેં મારા શ્રીગુરુને ગુમાવી દીધા છે.

અમે દરરોજ, 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'ની ધુન ગાતા હતા. ત્રીજી રાતે હું વહેલી સવારે ૩ વાગ્યે ઊઠી ગઈ. બધું જ શાંત હતું અને બધાં સૂતાં હતાં. અચાનક મારું હૃદય જોરજોરથી ધબકવા લાગ્યું. મને લાગ્યું, ''બાબાજી અહીં છે!'' મારા શરીરમાં શક્તિના સ્પંદન બહુ પ્રબળ હતા.

પછી મેં બાબાજીનો અવાજ સાંભળ્યો. હું ખરેખર મારા હૃદયમાં બાબાજીના અવાજને પ્રકંપિત થતો મહસૂસ કરી શકતી હતી. તેઓ હિન્દીમાં બોલી રહ્યા હતા. હું અભિવાદનના એ વાક્યાંશને ઓળખી ગઈ જેને તેઓ હંમેશાં પોતાના પ્રવચનની શરૂઆતમાં બોલતા હતા, જેમ આજે ગુરુમાઈજી બોલે છે, ''ઘણા પ્રેમ અને સન્માનથી સૌનું હાર્દિક સ્વાગત.'' આ શબ્દો થોડા સમય સુધી વારંવાર સંભળાતા રહ્યા અને પછી બંધ થઈ ગયા. હું જાણી ગઈ કે મને એ ઘડીએ બાબાજીનાં દર્શન થયાં હતાં.

વર્ષો પછી, મને સમજાયું કે બાબાજીની શક્તિને મહસૂસ કરવાનો અને તેમનો અવાજ સાંભળવાનો આ અનુભવ, શ્રીગુરુના સૂક્ષ્મ રૂપે મારા હૃદયમાં પ્રવેશ કરવાનો અનુભવ હતો. જેમકે શાસ્ત્રો શીખવે છે, હું મારા શ્રીગુરુને ગુમાવી દઉં, એ અસંભવ છે.

*કેસલમેન, ઑસ્ટ્રેલિયા*

શુક્રવાર, ૧ ઑક્ટોબર, ૧૯૮૨ની સાંજે કોઈ કામથી બહાર જવા માટે મેં જેવો દરવાજો ખોલ્યો તો પૂર્ણિમાના ચંદ્રમાની ભવ્યતા અને દીપ્તિને જોઈને હું અચંબિત રહી ગઈ. મેં આજસુધી આટલો વિશાળ અને આટલો ચમકતો ચંદ્રમા ક્યારેય નહોતો જોયો. તે આકાશમાં નીચે ક્ષિતિજ તરફ સ્થિર હતો અને તેનો કેસરી રંગ, ચંદ્રમાને બદલે આથમતા સૂર્ય જેવો લાગી રહ્યો હતો.

હું ખરેખર જમીન પર બેસી ગઈ અને મેં તેને પ્રણામ કર્યા. મેં વિચાર્યું નહોતું કે હું પ્રણામ કરીશ; એ અનાયાસ જ, આપોઆપ થઈ ગયા.

ગાડી ચલાવતી વખતે મારું હૃદય પ્રેમ અને આનંદથી છલકાઈ રહ્યું હતું. તેને વ્યક્ત કરવાની એક જ રીત હતી કે હું ચંદ્રમા વિશે જે એક ગીત જાણતી હતી તેને ગાઉં; "*Shine On, Harvest Moon*" (લણણીના સમયે ઉદિત થનારા હે ચંદ્રમા, તમારી પૂરી તેજસ્વિતાથી ચમકતા રહો) અને હું તેને આખા રસ્તે ગાતી રહી.

બીજે દિવસે, ૨ ઑક્ટોબરની સવારે મારા ફોનની ઘંટડી વાગી અને મને જણાવવામાં આવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હું તરત જ સમજી ગઈ કે ગઈકાલે રાત્રે ચંદ્રમાનાં દર્શન, આ અવિસ્મરણીય ઘટનાનો સંકેત હતો.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાએ, હું ગુરુદેવ સિદ્ધપીઠમાં હતી. જ્યારે પહેલીવાર મેં સાંભળ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે, તો મને વિશ્વાસ ન થયો. પણ જ્યારે હું ધ્યાનકક્ષ તરફ ગઈ, જે હવે સમાધિ મંદિર છે ત્યારે મેં લોકોને એ જગ્યા તૈયાર કરતાં જોયાં. ત્યાર પછી મને એ હકીકત પર વિશ્વાસ થયો કે બાબાજીએ દેહત્યાગ કરી દીધો છે.

સમયની સાથે, જેમજેમ હું આ વાસ્તવિકતાનો સ્વીકાર કરતી ગઈ કે બાબાજીનું મનોહર અને આનંદમય ભૌતિક સ્વરૂપ હવે આ ધરતી પર કૃપાની વર્ષા કરવા માટે વિદ્યમાન નથી, તેમતેમ એક કોમળ અને પ્રેમભરી ભાવનાથી મારું હૃદય ભરાવા લાગ્યું. મને દૃઢ વિશ્વાસ થઈ ગયો કે આ ભાવ, મારા અંતરમાં બાબાજીની ઉપસ્થિતિ જ છે. એ સમયે મને વિશ્વાસ થયો કે બાબાજી મારી સાથે છે અને હંમેશાં રહેશે.

*સૅન ફેલિપ, મેક્સિકો*

હું બાબા મુક્તાનંદને સૌપ્રથમ વર્ષ ૧૯૭૬ના શિયાળામાં ગુરુદેવ સિદ્ધપીઠમાં મળ્યો હતો.

૨ ઑક્ટોબર ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે, હું સાઉદી અરેબિયામાં કામ કરી રહ્યો હતો. ખુરિયાસ ગેસ ફિલ્ડમાં ચાલતાં ચાલતાં, મારી સામે એક દૃશ્ય દેખાયું અને હું તેને જોઈને રસ્તાની વચ્ચે જ ઊભો રહી ગયો. મેં જોયું કે બાબાજી પથારી પર સૂતા છે અને સિદ્ધયોગના સ્વામીઓ તેમની આસપાસ ઊભા છે. મેં મહસૂસ કર્યું કે હું પણ એ બધાંની

વચ્ચે ત્યાં ઉપસ્થિત છું અને મને ખબર હતી કે આ બાબાજીની વિદાય લેવાની ક્ષણ છે. હું જાણી ગયો કે ભલે તેમણે પોતાના દેહનો ત્યાગ કરી દીધો છે તોપણ બાબાજી તેમના વાસ્તવિક સ્વરૂપમાં સદૈવ આપણી સાથે છે.

*લૂઝિયાના, અમેરિકા*

વર્ષ ૧૯૮૧-૧૯૮૨માં, ગુરુદેવ સિદ્ધપીઠમાં લગભગ એક વર્ષ બાબાજી સાથે વ્યતીત કર્યા પછી હું મારું કોલેજનું ભણવાનું પૂરું કરવા મેનમાં મારા ઘરે પાછો આવ્યો. ૨ ઑક્ટોબર, ૧૯૮૨ના પૂર્ણિમાના દિવસે હું મોટી શિલા પર બેસીને ઍટલાન્ટિક મહાસાગરને જોઈ રહ્યો હતો. થોડીવાર પહેલાં જ મેં શ્રીગુરુગીતાનો પાઠ સમાપ્ત કર્યો હતો અને હું કિનારા પર અથડાતી લહેરોને જોઈ રહ્યો હતો, ત્યારે જ વિસ્મય, પ્રેમ અને કૃતજ્ઞતાના એક પ્રબળ ભાવે મને ઘેરી લીધો. મને અનુભવ થવા લાગ્યો કે હું આસપાસની દરેક વસ્તુ સાથે પૂર્ણરૂપે એકાકાર છું.

ઘર પહોંચતા મને સમાચાર મળ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. જ્યારે મેં એ સમાચાર સાંભળ્યાં તો મને મહસૂસ થયું કે મારું હૃદય વિસ્તૃત થઈ રહ્યું છે. જોકે, એ વિચારીને કે મને બાબાજીના ભૌતિક સ્વરૂપના હવે ક્યારેય દર્શન નહીં થાય, હું ઉદાસ હતો અને મારી આંખોમાંથી આંસુઓ વહી રહ્યાં હતાં, તેમછતાં હું એ પણ જાણતો હતો કે મારું માર્ગદર્શન કરવા અને મારું સંરક્ષણ કરવા માટે તેઓ હંમેશાં ઉપસ્થિત રહેશે. અને હું એ સ્પષ્ટરૂપે જાણી ગયો કે તેમણે તેમના આશીર્વાદોનો મહાસાગર પરમપ્રિય ગુરુમાઈજીને પહેલાંથી જ સોંપી દીધો હતો, અને તેઓ વિશ્વને બીજાં એક મહાન સિદ્ધનું માર્ગદર્શન, કરુણા અને પ્રેમ પ્રદાન કર્યા વિના નહીં જાય.

*હવાઈ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ પૂર્ણિમાની સાંજે હું સોફા પર બેસીને બાબા મુક્તાનંદનું એક પુસ્તક વાંચી રહી હતી અને સિદ્ધયોગ સંકીર્તનની ટેપ સાંભળી રહી હતી. મેં બારીની બહાર જોયું અને મારી દૃષ્ટિ ચંદ્રમા પર પડી. મારા હૃદયમાં પ્રેમ અને આનંદનો અદ્‌ભુત ભાવ જાગી ગયો.

પછી, જ્યારે ફોનની ઘંટડી વાગી ત્યારે ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મને લાગ્યું કે તે લગભગ એ જ સમયે થયું હશે જ્યારે હું ચંદ્રમાને જોઈ રહી હતી અને મારા હૃદયમાં ઊમડતા અપાર આનંદને મહસૂસ કરી રહી હતી.

*મૅલ્મ, સ્વીડન*

ઑક્ટોબર ૧૯૮૨માં, હું મારા પતિની સાથે ઓકલેન્ડ, કેલિફૉર્નિયામાં રહેતી હતી. એક દિવસ ધ્યાનના સમયે મને રૂમમાં પ્રબળતાથી બાબાજીની ઉપસ્થિતિની અનુભૂતિ થઈ; હું તેમના પ્રત્યે પ્રેમભાવથી અભિભૂત થઈ ગઈ. મારા હૃદયમાં થયેલા આ શક્તિશાળી દર્શનના અનુભવથી હું ડૂસકાં ભરીને રડવા લાગી. મારા પતિ દોડીને રૂમમાં આવ્યા અને પૂછ્યું, “શું થયું?”

મેં જેમ-તેમ કરીને કહ્યું, “કંઈ નહીં! બાબાજી અહીંયા જ છે!”

બીજા દિવસે સવારે મને ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. પછી, મને તેમના મહાપ્રયાણના સાચા સમયની જાણ થઈ — તે એ જ સમય હતો જ્યારે મને મારી અંદર ઊમડતા તેમના શાશ્વત, પૂર્ણ પ્રેમનો અનુભવ થયો હતો.

આ ક્ષણે અને દરેક ક્ષણે તેમની અનંત કૃપા મારા પર રહે છે, તેના માટે હું સદૈવ તેમની કૃતજ્ઞ રહીશ; મારી કૃતજ્ઞતાને હું કદાચ જ ક્યારેય શબ્દોમાં વ્યક્ત કરી શકીશ.

*વૉશિંગટન, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૩ના દિવસે સ્થાનીય સિદ્ધયોગ સંકીર્તન અને ધ્યાન કેન્દ્રમાં અમે બાબાજીની મહાસમાધિની પહેલી પુણ્યતિથિ મનાવી. પછી, એ જ મહિનામાં મહાસમાધિની ચાંદ્ર પુણ્યતિથિ આવી પણ મને યાદ ન રહી.

એ રાતે જ્યારે હું પથારીમાં સૂતી હતી અને અર્ધ જાગ્રત અવસ્થામાં હતી, મેં મારા મસ્તકની બિલકુલ ઉપર એક ઝગમગતો શ્વેત પ્રકાશ જોયો. એ શ્વેત પ્રકાશ એક પ્રચંડ પ્રવાહની જેમ મારા મસ્તકમાં પ્રવેશી ગયો અને મારી છાતીમાં થઈને ઉપર મારી ભુજાઓમાં વહેવા લાગ્યો; તેની શક્તિથી મારા હાથ ઉપર ઊઠી ગયા.

પછી એકદમ સ્પષ્ટરૂપે બાબાજી મારી સામે પ્રગટ થયા, જેવા તેઓ ગુરુદેવ સિદ્ધપીઠમાં સમાધિ મંદિરની દીવાલ પર લગાડેલા ફોટામાં દેખાય છે — એ ફોટો જેને મેં હજી સુધી જોયો નહોતો. મને તરત જ ખબર પડી ગઈ કે આજે

કયો દિવસ છે. હું મારા પૂજાસ્થાન પાસે ગઈ અને મેં તેમને પ્રણામ કર્યાં — હું ખૂબ કૃતજ્ઞ હતી કે મારા શ્રીગુરુએ મને યાદ કરી.

આ અનુભવથી મને શ્રીગુરુ સાથે મારા સંબંધ પર, તેમની મહાનતા પર અને આ પથની સત્યતા પર પૂર્ણ વિશ્વાસ થઈ ગયો.

*ઇલિનૉઇસ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની સાંજે, હું અને મારી ભાવિ પત્ની ન્યૂયૉર્કની હડસન નદીની ઘાટી પર એક દિવસની સહેલ કરીને ગાડીથી પાછા ન્યૂયૉર્ક શહેર આવી રહ્યાં હતાં. એ પાનખર ઋતુની સુંદર જાદુઈ સાંજ હતી. જ્યારે અમે ગાડીમાં જઈ રહ્યાં હતાં ત્યારે બે ઘાટીઓની વચ્ચેથી પસાર થતી વખતે મેં પૂર્ણિમાના ચંદ્રને ઉદિત થતા જોયો.

તે સર્વાધિક પૂર્ણ, દેદીપ્યમાન, ઉજ્જ્વલ, તેજોમય ચંદ્રમા હતો જે પોતાની ઉપર અને નીચે વાદળોને પ્રકાશિત કરીને જાણે તેને ચમકતી કિનારી લગાડી રહ્યો હતો. હું અવાક્ થઈને, આશ્ચર્યથી જોતો જ રહી ગયો. રસ્તાના કિનારાની પગદંડી પર ગાડીઓ ઊભી કરીને લોકો ગાડીથી બહાર નીકળીને એ જાદુઈ દશ્યને નિહાળી રહ્યાં હતાં. આશ્ચર્યથી મેં વિચાર્યું, "આજ સુધી મેં એવું કંઈ જ નથી જોયું જે પૂર્ણ રૂપથી આટલું સુંદર હોય."

એક કલાકની અંદર, અમે મેનહટનના સિદ્ધયોગ આશ્રમ પહોંચ્યા જ્યાં અમને ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મને આઘાત લાગ્યો. તોપણ, રસ્તામાં મેં જે દશ્ય જોયું હતું, તેને યાદ કરીને મેં મારા અંતરમાં પ્રગાઢ વ્યાપકતાનો અનુભવ પણ કર્યો. હું સમજી ગયો કે બાબાજીના બ્રહ્મલીન થવાનો અર્થ હતો કે તેઓ વાસ્તવમાં દરેકની સાથે એકાકાર થઈ ગયા છે. રાત્રિનું આકાશ પણ તેમની દિવ્ય ચેતનાના પ્રકાશને પ્રતિબિંબિત કરી રહ્યું હતું.

*ઓહાયો, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની સવારે હું મેલબૉર્નના સિદ્ધયોગ આશ્રમમાં આયોજિત શક્તિપાત ધ્યાનશિબિરમાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહ્યો હતો, એ સમયે મારી પત્ની પર ફોન આવ્યો. શાંતિથી મારી પાસે આવીને તેણે કહ્યું કે આશ્રમથી એક સેવાકર્તાએ ફોન પર જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. હવે ધ્યાનશિબિર નહીં થાય અને તેના બદલે આપણે બાબાજીના નામનું સંકીર્તન કરીશું.

જેવા મેં બાબાજીની મહાસમાધિના સમાચાર સાંભળ્યા, તરત જ એક આશ્ચર્યજનક વાત થઈ : પ્રેમનો એક અબાધિત પ્રવાહ મારી અંદર વહેવા લાગ્યો, મારા રૂંવાડા ઊભા થઈ ગયા. મેં આની પહેલાં ક્યારેય આવી અદ્‌ભુત અવસ્થાનો અનુભવ નહોતો કર્યો, તેથી હું નિઃશબ્દ થઈને મારી પત્નીની સામે જોતો રહ્યો.

પછી અમને બંનેને યાદ આવ્યું કે બાબાજીએ કહ્યું હતું કે જ્યારે તેઓ પોતાનું શરીર છોડશે ત્યારે તેઓ દરેક જગ્યાએ તેમના ભક્તોના હૃદયમાં પ્રવેશ કરી લેશે. મેં મહસૂસ કર્યું કે એ સમયે મારી સાથે કંઈક એવું જ થઈ રહ્યું હતું.

પછી, જ્યારે અમે પહેલીવાર ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’નું સંકીર્તન કર્યું, ત્યારે આંસુનું એક ટીપું મારી આંખમાંથી છલકી પડ્યું. એ ખુશીનું આંસુ હતું. મેં વિચાર્યું, દુઃખનું કારણ શું છે? બાબાજીએ તો સદૈવને માટે મારા હૃદયમાં પ્રવેશ કરી લીધો છે.

*નૉર્થ કેરોલિના, અમેરિકા*

એકવાર શનિવારની બપોરે હું વડના વૃક્ષની નીચે ઊભો હતો ત્યારે મેં જોયું કે બાબાજી તેમની ગોલ્ફ કાર્ટમાં ત્યાંથી પસાર થયા. મને મારી આસપાસની દરેક વસ્તુમાં, વૃક્ષોમાં, પાંદડાંઓમાં, ધૂળમાં તેમનો ચહેરો દેખાવા લાગ્યો.

એ રાત્રે મારા મોંઢામાં એક મીઠા સ્વાદ સાથે હું ઊંઘમાંથી જાગી ગયો. મારું આખું શરીર અતિશય આનંદથી ઓતપ્રોત હતું અને મારા માથાના ઉપરના ભાગમાં તીવ્ર સ્પંદન થઈ રહ્યાં હતાં. મને બાબાજીની ઉપસ્થિતિ અને તેમના પ્રેમનો બહુ પ્રબળતાથી અનુભવ થઈ રહ્યો હતો. મને બીજા દિવસે સવારે ખબર પડી કે જે સમયે બાબાજીએ મહાસમાધિ લીધી હતી, બરાબર તે જ સમયે રાત્રે હું ઊંઘમાંથી જાગી ગયો હતો.

*ક્વર્નવાકા, મેક્સિકો*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે હું ધ્યાન કરી રહી હતી અને પહેલીવાર મેં ગહન સ્થિરતા, પ્રશાંતિ અને આનંદના સ્થાનમાં પ્રવેશ કર્યો. મને અનુભવ થયો કે હું પ્રેમથી ઘેરાઈ ગઈ છું, એવું લાગતું હતું કે મેં કંઈક એવું પામી લીધું છે જે હું હંમેશથી જાણતી હતી કે તે વિદ્યમાન છે પણ જેનો પૂરેપૂરો અનુભવ મેં આજ સુધી નહોતો કર્યો, કંઈક એવું જે ગહનતાથી ચિરપરિચિત હતું તેમ છતાં વિસ્મયજનક રૂપે નવું હતું. મેં વિચાર્યું, "ઓહ, તો આ છે ધ્યાન." જ્યારે મેં આંખો ખોલી ત્યારે મને ભરપૂર ઊર્જા અને અંદર સુધી તાજગી મહસૂસ થઈ રહી હતી, જાણે મારું આંતરિક શુદ્ધીકરણ થઈ ગયું હોય. વિસ્મિત થઈને હું મારા પતિને આ કહેવા ગઈ — ત્યારે તેમણે મને જણાવ્યું કે તેમને હમણાં જ ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે.

ખબર નહીં કેવી રીતે, હું બસ જાણતી હતી કે મેં બાબાજીની શક્તિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો, ભલે હું ભારતથી બહુ દૂર, વિશ્વના બીજા ખૂણામાં રહેતી હતી, બાબાજીની કૃપાથી મને મારા અંતરાત્માનો ગહન અનુભવ મળ્યો હતો. આ અનુભવે મારું જીવન બદલી નાખ્યું. એ દિવસથી હું નિયમિતપણે ધ્યાન કરી રહી છું અને ધ્યાન મારા જીવનનો આધાર બની ગયો છે. તેણે મને અંતર્નિહિત શક્તિ અને સ્થિરતાના સ્રોત સાથે જોડી દીધી છે.

*વેલ્સ, યુનાઇટેડ કિંગડમ*

સેંટા મોનિકા આશ્રમના ધ્યાનકક્ષમાં શાંતિ છવાયેલી હતી. માત્ર 'ૐ નમો ભગવતે નિત્યાનંદાય'ની ધુનના મંદ-મંદ સ્વર વાતાવરણમાં પ્રવાહિત થઈ રહ્યા હતા. ઉદાસી અને ગહન પ્રેમના મિશ્રિત ભાવ પ્રબળતાથી મારી અંદર ભરેલા હતા. મેં જમીન પર બેસીને એ શાલ ઓઢી લીધી જેને હું ધ્યાન કરતી વખતે ઓઢતી હતી.

જ્યારે હું ધુન ગાવા લાગી ત્યારે મને બાબાજીનો તેમના શ્રીગુરુ પ્રત્યેનો પ્રેમ યાદ આવ્યો, જેમના નામનું અમે સંકીર્તન કરી રહ્યાં હતાં. મારી આંખોમાંથી આંસુઓ વહેવાં લાગ્યાં. મારું હૃદય પ્રેમથી ભરાઈ ગયું હતું. રાત્રે કોઈક ક્ષણે જાણે કોઈ અચૂક સંકેત મળ્યો હોય, એમ બધા ભક્તો કોમળતાથી એકસાથે 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય' ગાવા લાગ્યા. રાત થતાં થતાં ધુન તેજ થતી ગઈ, અને વધારે ગહન થઈ ગઈ અને અંતતઃ તે પૂર્ણ ઉત્સાહ, પ્રેમ અને શાંતિથી પરિપૂર્ણ આનંદમય સંકીર્તનમાં બદલાઈ ગઈ. બાબાજી અમારા હૃદયમાં હતા, અમે જે ગાઈ રહ્યાં હતાં તેના દરેક અક્ષરની સાથે તેઓ અમને આનંદથી ભરી રહ્યા હતા, અમારું ઉત્થાન કરી રહ્યા હતા. બાબાજીના પ્રેમથી પરિપૂર્ણ, તેમની કૃપાથી પરિપૂર્ણ, તેમના શબ્દો મારા મનમાં ફરીથી ગુંજવા લાગ્યા : "હું તમને ક્યારેય છોડીશ નહીં." મહોત્સવ મનાવવાનું આ સૌથી મોટું કારણ હતું.

*ફ્લૉરિડા, અમેરિકા*

જ્યારે મને બાબાજીની મહાસમાધિના સમાચાર મળ્યા, તો હું બાબાજીના સમાધિ મંદિર જવા અને શ્રીગુરુમાઈનાં દર્શન કરવા ગુરુદેવ સિદ્ધપીઠ જવા માટે નીકળી ગઈ. મને આશા હતી કે બાબાજી મારી સમક્ષ પ્રગટ થશે, મેં આશ્રમના બગીચામાં તેમને કેટલાંય શોધ્યા, પણ તેઓ પ્રગટ ન થયા.

પછી મને મારા પતિનો એક પત્ર મળ્યો કે અમારો નવ વર્ષનો દીકરો બીમાર છે અને હું ત્યાં નહોતી એટલે મારી માતા તેની સંભાળ લેવામાં તેમની મદદ કરી રહી છે. તેમણે કહ્યું કે મારી માતા મારા દીકરા સાથે વાત કરી રહી હતી ત્યારે અચાનક મારા દીકરાના ચહેરા પર બાબાજીનો ચહેરો દેખાયો. થોડી અભિભૂત થઈને તે બીજી બાજુ જોવા લાગી. ત્રણવાર તેમણે બીજી બાજુ જોયું અને દરેક વાર ફરીથી જોતાં તેમને બાબાજીનો ચહેરો દેખાયો; પછી ધીરેધીરે એ દૃષ્ટાંત ધૂંધળું થતું ગયું. મારી માતાએ મારા પતિને તેમના આ અદ્‌ભુત દૃષ્ટાંત વિશે જણાવ્યું અને મારા પતિના અધ્યયનકક્ષમાં મૂકેલા બાબાજીના ફોટા તરફ ઇશારો કરીને કહ્યું, “પણ બાબાજીએ માથા પર લાલ ચાંલ્લો નહોતો.”

પછીથી અમને ખબર પડી કે તેમના દેહ ત્યાગવાના થોડાં દિવસ પહેલાથી બાબાજીએ ચાંલ્લો લગાડવાનું છોડી દીધું હતું. બાબાજી પ્રગટ અવશ્ય થયા — પણ જ્યાં તેમની વાસ્તવમાં જરૂર હતી ત્યાં. મારી માતાને આશીર્વાદ મળી ગયા અને મારી પ્રબળ ઇચ્છા પૂરી થઈ ગઈ.

*નૉર્થ કેરોલિના, અમેરિકા*

૧૯૮૨ની પાનખર ઋતુના સમયે હું ગ્રીસના પેટમોસ ટાપુ પર હતી; ત્યાં જવાના એક અઠવાડિયા પછી, ૨ ઑક્ટોબરની પૂર્ણિમાની રાતે, હું ગભરાઈને ઊંઘમાંથી જાગી ગઈ. થોડા દિવસો પછી, હું એથેન્સની એક હોટલમાં રોકાઈ હતી, જ્યાં મેં બાબાજીનો એક ફોટો દીવાલ પર લગાવ્યો અને અંગ્રેજી છાપું ખરીદ્યું. થોડા સમય પછી, મેં છાપું જોયું — તો છાપું નીચે પડી ગયું હતું અને તેનું એ જ પાનું ખુલ્લું હતું જેના પર એક શોક-સમાચાર હતા. એ પાના પર મારી નજર એક નાના ફકરા પર ગઈ જે ૨ ઑક્ટોબરે બાબાજીના દેહત્યાગ વિશે હતો.

મને આઘાત લાગ્યો પણ સ્વયંને શાંત રાખવા માટે મેં મારા સ્વાધ્યાયનું પુસ્તક કાઢ્યું અને બાબાજીના ફોટા સામે આંસુ ભરેલી આંખોથી શ્રીગુરુગીતાનો પાઠ કરવા લાગી. તરત જ મને શાંતિ, સુખ, કલ્યાણકારિતાના ભાવ મહસૂસ

થવા લાગ્યા. બીજા દિવસે સવારે જ્યારે હું ઍથેન્સની ગલીઓમાં ચાલી રહી હતી, તો મને લોકોના ચહેરામાં, મકાનોના અગ્રભાગમાં, વૃક્ષોમાં બાબાજીનો ચહેરો દેખાયો — બાબાજી દરેક જગ્યાએ હતા અને આ વિશ્વ માત્ર પ્રેમ જ હતું.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

સિદ્ધયોગ પથનું અનુસરણ કરવાનું શરૂ કર્યું તેનાં ઘણાં વર્ષો પહેલાં સન ૧૯૮૨માં, એક દિવસ હું મારા રૂમમાં આડી પડી હતી અને મૌનરૂપે ૐનો જપ કરી રહી હતી. ૐના જપથી હું ઊંડા ધ્યાનમાં જતી રહી. ધ્યાનથી બહાર આવીને જ્યારે મેં આંખો ખોલી તો મારા હૃદયથી એક તેજોમય સોનેરી પ્રકાશ નીકળી રહ્યો હતો અને મારા આખા શરીરની ચારેબાજુ વ્યાપ્ત થઈ રહ્યો હતો. હું જે પણ વસ્તુને સ્પર્શ કરતી તે સોનેરી પ્રકાશથી આવરિત થઈ જતી : મારાં પુસ્તકો, નોટબુક, પેન, કપડાં, ખુરશી — બધું જ! પછી એ પ્રકાશ આખા રૂમમાં ફેલાઈ ગયો અને મને આનંદ અને હળવાશથી ભરીને ધીરેધીરે ઓછો થતો ગયો.

વર્ષ ૧૯૮૯માં, મેં મારી સિદ્ધયોગ સાધના શરૂ કરી. પછી મેં એક પુસ્તકમાં વાંચ્યું જેમાં બાબાજીએ સમજાવ્યું હતું કે જ્યારે શ્રીગુરુ મહાસમાધિ લે છે તો તેઓ પોતાના શિષ્યોમાં પ્રવેશ કરી લે છે. જ્યારે મેં ધ્યાનની મારી જર્નલને ફરીથી વાંચી, તો જોયું કે વર્ષો પહેલાં મને સોનેરી પ્રકાશનો જે અનુભવ થયો હતો તે ૨ ઑક્ટોબર, ૧૯૮૨નો જ દિવસ હતો — એ જ દિવસ જ્યારે બાબાજીએ મહાસમાધિ લીધી હતી.

હું બાબાજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છું કે તેમણે એ દિવસે પ્રકાશના રૂપે મારી અંદર પ્રવેશ કર્યો અને થોડાં વર્ષો પછી તેઓ મને ગુરુમાઈજી પાસે લઈ આવ્યા.

*ફોર્-દ્-ફ્રાંસ, માર્ટિનિક*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે હું મારા શહેરના ઘરથી ગામડાંના ઘરે જવા માટે નીકળ્યો હતો. એ દિવસે બપોરે જ્યારે હું પ્રકૃતિ વચ્ચે ટહેલતા-ટહેલતા જઈ રહ્યો હતો, ત્યારે નાનાં-નાનાં પક્ષીઓનું એક ટોળું ચક્કર લગાવતું અને ચીંચીં કરતું મારા માથા પર ગોળ ગોળ ફરવાં લાગ્યું. હું સહજ જ ‘ૐ નમો ભગવતે મુક્તાનંદાય’

ગાવા લાગ્યો. એ જ સાંજે, જ્યારે મેં પૂર્ણ ચંદ્રને જોયો તો એ અસાધારણ રૂપે ઉજ્જ્વળ હતો; તેને જોઈને મને બાબાજીની યાદ આવી. પછી હું સૂઈ ગયો.

અડધી રાત્રે, અચાનક મને મોટેથી અવાજ સંભળાયો. એવું લાગતું હતું જાણે તે મારી અંદરથી આવી રહ્યો હોય. હું બાબાજીનો અવાજ ઓળખી ગયો, તેઓ 'ૐ નમઃ શિવાય'નો જપ કરી રહ્યા હતા. હું અચંબિત થઈને ઊભો થઈ ગયો. પછી મેં સાંભળ્યું, બાબાજી મને કહી રહ્યા હતા, "જ્યારે પણ તને મારી સાથે રહેવાનું મન થાય, તો બસ નામ જપજે."

શહેર પાછો આવ્યો તો મને એક મિત્રનો પત્ર મળ્યો જેમાં લખ્યું હતું, "બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે." ત્યારે મને ગઈકાલ રાતના અનુભવનું ગહન મહત્ત્વ સમજાયું અને એ પણ સમજાયું કે તેમના પ્રેમ અને કરુણાને કારણે તેમણે મને આ શક્તિશાળી અને અભૂતપૂર્વ ઘટના માટે તૈયાર કરી દીધો હતો.

હું બાબાજી પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છું, મારા હૃદયમાં તેમની શાશ્વત ઉપસ્થિતિરૂપી સર્વાધિક અણમોલ ભેટ મને આપવા માટે.

*શ્રી મુક્તાનંદ આશ્રમના એક સ્ટાફ સદસ્ય*

ઑક્ટોબર ૧૯૮૨માં, એક દિવસ જ્યારે હું મારા ઘરે પાછી ફરી તો મેં જોયું કે બાબાજીનો મારો પ્રિય ફોટો જમીન પર પડી ગયો છે. મેં ધ્યાનથી જોયું તો મને ખુશી થઈ કે માત્ર કાંચ જ તૂટ્યો છે. સદ્‌ભાગ્યથી ફોટો બિલકુલ ઠીક હતો.

પછીથી ટેલિગ્રામથી સૂચના મળી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. મને મહસૂસ થયું કે બાબાજીએ પ્રેમથી એ બતાવી દીધું હતું કે તેમનું માત્ર બાહ્ય આવરણ જ ગયું છે અને તેઓ અત્યારે પણ હંમેશાંની જેમ પૂર્ણરૂપે ઉપસ્થિત છે.

*કેર્ન્સ, ઑસ્ટ્રેલિયા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની વહેલી સવારે હું ગુરુદેવ સિદ્ધપીઠની એક ડૉર્મિટરીના પગથિયાં પરથી ઊતરી રહ્યો હતો, મને મહસૂસ થવા લાગ્યું કે વાતાવરણમાં એક અસામાન્ય શાંતિ હતી. હું ઓફિસ તરફ ગયો ત્યારે આશ્રમના એક

પ્રબંધક બહાર આવ્યા અને તેમણે જણાવ્યું કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. જેવી આ હકીકત સમજમાં આવી, મારું મન એકદમ સ્તબ્ધ થઈ ગયું. એ વિચારીને કે હું કદાચ રડી પડીશ, હું હૉલમાં પાસેના એક પડદા પાછળ જતો રહ્યો. જ્યારે હું ત્યાં જઈને ઊભો રહ્યો તો મને આશ્ચર્ય થયું કે મને સહેજ પણ ઉદાસી મહસૂસ નહોતી થઈ રહી. બલ્કે, મારી અંદર આનંદની લહેરો ઊઠવા લાગી. હું બાબાજીની ઉપસ્થિતિને એટલી તીવ્રતાથી મહસૂસ કરી રહ્યો હતો જેટલી પહેલાં ક્યારેય નહોતી કરી. હું જાણી ગયો કે બાબાજી મારા હૃદયમાં છે — અને હંમેશાં રહેશે, અને તેમની કૃપા મારી પાસે ક્યાંય પણ પહોંચી શકે છે.

*ન્યૂજર્સી, અમેરિકા*

ઑક્ટોબર, ૧૯૮૨માં મેં કૉલેજથી એક વર્ષ માટે રજા લીધી હતી કારણકે હું ઉદાસી મહસૂસ કરી રહ્યો હતો અને મારા આત્મા અને જીવનના ઉદ્દેશ્યથી દૂર મહસૂસ કરી રહ્યો હતો. હું બીજા કેટલાંક વિદ્યાર્થીઓ સાથે એક જ ઘરમાં રહેતો હતો અને મારા એક મિત્રનો એક નાનો ધ્યાનનો રૂમ હતો જેમાં બાબાજીનો એક ફોટો પણ હતો. એક દિવસ હું તેના આ નાના રૂમમાં બેઠો, એક દીવો પ્રગટાવ્યો અને પહેલીવાર ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો. જ્યારે હું બેસીને બાબાજીના ફોટાને જોતો હતો, મને મારી અંદર એવી સ્થિરતા અને પ્રેમ મહસૂસ થવા લાગ્યા, જેનો મેં પહેલાં ક્યારેય અનુભવ નહોતો કર્યો. બાબાજીની આંખોને જોતા-જોતા એવું લાગ્યું જાણે મારા વિચાર અને ઊંડી બેચેની વિલીન થઈ ગઈ.

થોડા દિવસો પછી, હું પહેલીવાર મારા મિત્રની સાથે સ્થાનીય સિદ્ધયોગ ધ્યાન કેન્દ્ર પર ગયો. મને ત્યાંનું સંગીત, નામસંકીર્તન અને બાબાજીના પ્રવચનનો વિડીયો બધું જ બહુ ગમ્યું. પરંતુ, લોકો એકબીજાને સાંત્વના આપી રહ્યાં હતાં કારણકે બાબાજીએ થોડા જ દિવસો પહેલાં મહાસમાધિ લીધી હતી; વાસ્તવમાં તેમણે જે દિવસે દેહત્યાગ કર્યો હતો, તે એ જ દિવસ હતો જ્યારે મેં બાબાજીનો ફોટો મારા મિત્રના રૂમમાં જોયો હતો અને પહેલીવાર ધ્યાન કર્યું હતું.

એ જ દિવસથી મેં સિદ્ધયોગ પથ પર ચાલવાનું શરૂ કર્યું હતું. બાબાજી, તમારો ખૂબ ખૂબ આભાર, મારું માર્ગદર્શન કરવા માટે અને તમારા પ્રેમ માટે.

*મેરીલેન્ડ, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે મારા દાદી, ગુરુદેવ સિદ્ધપીઠમાં હતાં. તેમણે આ શબ્દોમાં મને તેમનો અનુભવ કહ્યો :

હું બહુ ઉદાસ હતી. હું બાબાજી સાથે વાત કરવા માગતી હતી, પરંતુ બાબાજી તો હવે નહોતા. એ રાતે હું આ જ ઊંડા દુઃખના ભાવ સાથે સૂઈ ગઈ. લગભગ અડધી રાતે મને બાબાજીનો કોમળ સ્પર્શ મહસૂસ થયો. તેઓ મને જગાવવા માટે પ્રેમથી હલાવી રહ્યા હતા. બાબાજીએ પૂછ્યું, "તને મારી સાથે વાત કરવી હતી. બોલ, તું શું કહેવા માગે છે? હું અહીં છું." મેં જવાબ આપ્યો, "હવે તમે આવી ગયા છો અને મને દર્શન આપ્યાં છે, તેનાથી વધારે મને બીજું શું જોઈએ? મારી પાસે બધું જ છે."

હું વારંવાર ગુરુમાઈજીને અને બાબાજીને પ્રણામ અર્પિત કરું છું!

*ડોંબિવલી, ભારત*

વર્ષ ૧૯૮૧ના ઉનાળામાં શ્રી મુક્તાનંદ આશ્રમમાં એ અમારો છેલ્લો દિવસ હતો અને હું અમારા મોટા દીકરાને તેને ફેરવવાની ગાડીમાં લઈને હૉલની બહાર ઊભો હતો, તે જ સમયે બાબાજી ત્યાંથી પસાર થયા. બાબાજી ઉત્સાહથી ભરપૂર હતા અને તેમની સંપૂર્ણ સત્તાથી આનંદનું તેજ પ્રસરી રહ્યું હતું. પણ મને અંતરમાં ઊંડે એવું લાગી રહ્યું હતું કે કદાચ આ છેલ્લીવાર છે જ્યારે હું બાબાજીના ભૌતિક રૂપમાં તેમનાં દર્શન કરી રહ્યો છું. મને રડવું આવી ગયું.

૩ ઑક્ટોબર ૧૯૮૨ના રોજ હું મારા દીકરાને જોઈ રહ્યો હતો, તે જમીન પર બેસીને કાગળ પર કોઈ ચિત્ર દોરી રહ્યો હતો. ફોન વાગ્યો. તે એક સિદ્ધયોગીનો હતો અને તેણે સંદેશ આપ્યો કે બાબાજીએ એક દિવસ પહેલાં દેહત્યાગ કર્યો છે. મારું હૃદય બાબાજીની ઉપસ્થિતિથી ભરાઈ ગયું અને હું જાણતો હતો કે તેઓ અહીં મારી સાથે જ છે, મારી અંદર છે અને મારા પોતાના પ્રેમના રૂપમાં છે.

તે જ ક્ષણથી, મારો એ વાત પર પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે શ્રીગુરુ મારી સાથે છે અને હું તેમને મારા હૃદયમાં ક્યારે પણ મળી શકું છું. આ દૃઢ વિશ્વાસે મને એક ગૃહસ્થ હોવાની જવાબદારીઓને નિભાવતા રહીને સેવામાં સમર્પિત જીવન જીવવામાં અને સાધનામાં સ્થિર રહેવામાં મારી મદદ કરી છે.

ધન્યવાદ ગુરુમાઈજી અને ધન્યવાદ બાબાજી, સાચા અર્થમાં એક પરિપૂર્ણ જીવન જીવવાની કુંજી પ્રદાન કરવા માટે.

*ટોરોન્ટો, કેનેડા*

હું ૧૯૭૯માં બાબાજીને મળી અને તેમની ત્રીજી વિશ્વયાત્રા દરમ્યાન અને પછી ૧૯૮૨માં ગુરુદેવ સિદ્ધપીઠમાં બાબાજીના મહાસમાધિ લેવાના સમય સુધી મેં સેવા અર્પિત કરી. આ દરમ્યાન હું બાબાજીના પ્રવચન સાંભળતી હતી જેમાં દરરોજ સાંજના સત્સંગમાં અને શક્તિપાત ધ્યાનશિબિરોમાં તેઓ અંતરાત્મા વિશે બહુ સુંદરતાથી સમજાવતા હતા. પણ મને એવું નહોતું લાગતું કે બાબાજી જે વિશે સમજાવી રહ્યા છે તેની મને અનુભૂતિ થઈ છે. બાબાજીની મહાસમાધિની સવારે, ગુરુમાઈજીએ એક પ્રવચન આપ્યું જેમાં તેમણે કહ્યું કે બાબાજીએ આપણા હૃદયમાં પ્રવેશ કરી લીધો છે. એ ક્ષણે મેં અનુભવ કર્યો કે મારા હૃદયમાં શક્તિની એક મધુર હલચલ થઈ રહી છે જેને મેં બાબાજીની ઉપસ્થિતિના રૂપમાં ઓળખી લીધી. મારો એ અનુભવ સદૈવ મારી સાથે જ રહ્યો છે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૨ ઑક્ટોબર, ૧૯૮૨ના પૂર્ણિમાના દિવસે હું ગુરુદેવ સિદ્ધપીઠના ગુરુચોકમાં હતો. મને અચાનક જ બાબાજીની સાથે રહેવાની ગહન લલક મહસૂસ થવા લાગી. બરાબર એ જ સમયે, સુંદર લાલ અને વાદળી રંગનું એક પતંગિયા જેવું જીવડું આવીને મારા ઘૂંટણ પર બેસી ગયું અને મેં મારા અંતરમાં સાંભળ્યું, "આ શરીર ક્ષણભંગુર છે; આત્મા અમર છે." મેં મહસૂસ કર્યું કે આત્મામાં લીન બાબાજી, દરેક જગ્યાએ છે અને તેઓ હંમેશાં મારી સાથે છે. આ સમજે મારી આંતરિક દૃઢતાને વધારી અને એનાથી મારા અંતર પ્રેમમાં વૃદ્ધિ થઈ.

*રોડેઝ, ફ્રાંસ*

૧ ઑક્ટોબર, ૧૯૮૨ની રાતે મારા માતાપિતા અને હું બહાર ટહેલી રહ્યાં હતાં, ત્યારે મારી માતાએ ઉપર ચમકતા ચંદ્રમાને જોયો અને હર્ષિત થઈને કહ્યું, "જુઓ, જુઓ! ચંદ્રમામાં બાબાજીનો ચહેરો છે! એ બાબાજીનો ચહેરો છે!" તેમનું આનંદમય હાસ્ય ગુંજવા લાગ્યું અને અમે બધાં પણ હસવાં લાગ્યાં.

બીજા દિવસે હું સત્સંગમાં ભાગ લેવા માટે મિયામીના સિદ્ધયોગ ધ્યાન કેન્દ્ર પર ગઈ. ત્યાં પહોંચતા મેં જોયું કે ઘણાં લોકો બહાર ઊભા છે. મને ખબર નહોતી કે શું થઈ રહ્યું છે, પણ જ્યારે સમાચાર આપવામાં આવ્યા કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે, તો મને મહસૂસ થયું કે મારા હાથ આકાશ તરફ ઊઠી રહ્યા છે અને મારી આંખોમાં આંસુ આવી ગયા. મેં અનુભવ કર્યો કે હું મારી અંદર બાબાજીનો અવાજ સાંભળીને ખૂબ હસી રહી છું. તેઓ કહી રહ્યા હતા, "હું મારું નામ જ બની ગયો છું! હું મારું નામ જ બની ગયો છું! હું મારું નામ જ બની ગયો છું : મુક્તિનો આનંદ બની ગયો છું!"

*ન્યૂ મેક્સિકો, અમેરિકા*

૧૯૮૨માં હું અને મારી બહેનપણી, મેલબૉર્નના આશ્રમમાં ધ્યાનના એક કોર્સમાં ભાગ લેવાના હતા. હું આંતરિક શાંતિનો અનુભવ કરવા માગતી હતી એટલા માટે હું ધ્યાન કરવાનું શીખવા માગતી હતી. પછી એક દિવસ ઑક્ટોબરમાં, મારી બહેનપણીએ ફોન કરીને કહ્યું કે કોર્સ નહીં થાય કારણકે સ્વામી મુક્તાનંદે મહાસમાધિ લઈ લીધી છે.

મેં જે વિચારીને રાખ્યું હતું, એ યોજના નિષ્ફળ થવાને કારણે હું બહુ અશાંત હતી. હું મારા રૂમમાં ફરતાં ફરતાં પોતાની સાથે વાતો કરવા લાગી, "મુક્તાનંદ બાબા, હું ખરેખર આ કોર્સમાં ભાગ લેવા માગતી હતી!" એવું મેં ઘણીવાર કહ્યું અને અંતે તો આ શબ્દ બહુ મોટેથી પગ પછાડીને મોંમાંથી નીકળ્યાં. એ જ ક્ષણે મને જોરથી તાળી વાગવાનો અવાજ સંભળાયો અને સુખાસનની મુદ્રામાં બેઠેલા એક યોગી મારી ભ્રુકૂટિની વચ્ચે પ્રગટ થયા. આ રીતે મને શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ.

*ન્યૂયૉર્ક, અમેરિકા*

૨ ઑક્ટોબર ૧૯૮૨ની પૂર્ણિમાની રાતે હું કાશ્મીરની પહાડીઓમાં કેમ્પિંગ (શિબિર) માટે ગઈ હતી. એ રાતે મેં પહેલીવાર આટલો વિશાળ અને તેજસ્વી ચંદ્રમા જોયો હતો. એ જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. મને મહસૂસ થયું કે આ ચંદ્રમામાં મારી ગહન લલકને પૂરી કરવાનું વચન સમાયેલું છે. એ રાતે મને બ્રહ્માંડ સાથે એકત્વનો ભાવ મહસૂસ થયો અને હું સૂઈ ન શકી.

એ સમયે હું બાબા મુક્તાનંદને જાણતી નહોતી. પાંચ વર્ષ પછી જ્યારે હું સિદ્ધયોગ પથની વિદ્યાર્થી બની ત્યારે મને ખબર પડી કે ૨ ઑક્ટોબર ૧૯૮૨ની રાતે બાબાજીએ મહાસમાધિ લીધી હતી.

કેટલીકવાર હું એ પૂર્ણ પ્રશાંત રાત્રિને યાદ કરીને ધ્યાન કરું છું — જે હવે ભૂતકાળની વીતેલી એક ક્ષણ જ નથી, પરંતુ સમયાતીત ક્ષણ છે જ્યારે બાબાજી મારી સાથે હતા; તેઓ એ સમયે મારી સાથે હતા જ્યારે હું જાણતી પણ નહોતી કે આ ધરા પર તેમનું અસ્તિત્વ છે.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

૧૯૮૨ના પાનખરમાં હું શ્રી મુક્તાનંદ આશ્રમમાં સેવા અર્પિત કરી રહ્યો હતો. એક દિવસ સાંજે જમ્યા પછી, મેં વિચાર્યું કે હું ખુલ્લી હવામાં બહાર જાઉં. હું એકલો હતો અને ચાલતા ચાલતા આશ્રમની પાસે આવેલી એક પહાડી તરફ જવા લાગ્યો. હું ત્યાં બેસી ગયો, મને મહસૂસ થવા લાગ્યું કે એક અદ્‌ભુત પ્રેમપૂર્ણ શક્તિની તરંગો એક પછી એક ઊઠી રહી છે; હું જાણી ગયો કે આ બાબાજી જ છે. આ અનુભવ વધતો જ ગયો અને હું એક એવી અવસ્થામાં લીન થઈ ગયો જ્યાં મને મહસૂસ થવા લાગ્યું કે બાબાજી મને સાચે જ બહુ પ્રેમ કરે છે. એ રાત્રે ચંદ્રમા વિશેષરૂપે વિશાળ, પરિપૂર્ણ અને અત્યંત તેજોમય હતો.

અંતે હું પાછો આશ્રમની તરફ ચાલવા લાગ્યો. અચાનક મને મહસૂસ થવા લાગ્યું કે કોઈ વાત છે જે અલગ લાગે છે. પછી મને ખબર પડી કે બાબાજીએ મહાસમાધિ લઈ લીધી છે. જોકે સમાચાર અત્યંત દુ:ખદાયી હતા, તોપણ મારો એ અનુભવ મને નિરંતર શક્તિથી ભરી રહ્યો હતો. હું જાણતો હતો કે બાબાજી હજી પણ મારી સાથે છે અને મેં ક્યારેય મારા અંતરમાં તેમની ઉપસ્થિતિનો અનુભવ કરવામાં કોઈપણ વિક્ષેપ મહસૂસ નથી કર્યો. આ અનુભવે મને પૂરીરીતે સહારો આપ્યો.

*કેલિફૉર્નિયા, અમેરિકા*

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.